dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 15 | AD - 2025, Aso Vad-09 | Wednesday, Dt.15-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કોંગ્રેસ ઓછામાં ઓછી ૬૦ બેઠકો પર, જ્યારે વિકાસશીલ ઇન્સાન પાર્ટી અને ડાબેરી પક્ષો પણ તેમની માંગણીઓ પર અડગ

# બિહાર : મહાગઠબંધનમાં ટિકિટ ફાળવણી મુદ્દે ખેંચતાણ યથાવત

પટણા,તા.૧૪

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા, મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીને લઈને ખેંચતાણ વધુ તીવ્ર બની છે. રાષ્ટ્રીય જનતા દળ (રાજદ) એ તેના ઉમેદવારોને પ્રતીકોનું વિતરણ શરૂ કરી દીધું છ. જ્યારે અંતિમ જોડાણની બેઠક હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. કોંગ્રેસ ઓછામાં ઓછી ૬૦ બેઠકો પર અડગ છે, જ્યારે વિકાસશીલ ઈન્સાન પાર્ટી અને ડાબેરી પક્ષો પણ તેમની માંગણીઓ પર અડગ છે. દરમિયાન, તેજસ્વી યાદવ બુધવારે રાઘોપુરથી પોતાનું ઉમેદવારીપત્ર ભરવા માટે તૈયાર છે. ઘણા રાઉન્ડની બેઠકો છતાં, મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણી પર કોઈ સર્વસંમતિ થઈ નથી. આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવ સામે જે પ્રશ્ન છે તે છે શું કોંગ્રેસ ૬૦ બેઠકો પર ચૂંટણી લડશે? શું મુકેશ સાહનીના વીઆઈપી ૨૦ થી ઓછી બેઠકો માટે સંમત થશે? અને શું ડાબેરી પક્ષો તેમની બેઠકો ઘટાડવા તૈયાર થશે? ન તો આરજેડી, કોંગ્રેસ, વીઆઈપી, કે ન તો ડાબેરી પક્ષો પાસે આ પ્રશ્નોના જવાબ છે. સોમવારે, તેજસ્વી યાદવ દિલ્હી ગયા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે ફોન પર વાત કરી, પરંતુ બેઠક નિષ્ફળ ગઈ. પટના પરત ફર્યા પછી, આરજેડીએ તેના ઉમેદવારોને પ્રતીકોનું વિતરણ શરૂ કર્યું. પરબટ્ટાથી ડૉ. સંજીવ કુમાર, મટિહાનીથી બોગો સિંહ, હથુઆથી રાજેશ કુમાર સિંહ (રાજેશ કુશવાહ), માનેરથી ભાઈ વીરેન્દ્ર, સાહેબપુર કમલથી લાલન યાદવ અને સંદેશથી વર્તમાન ધારાસભ્ય કિરણ દેવીના પુત્ર દીપુ યાદવને આરજેડી દ્વારા ટિકિટ આપવામાં આવી છે. જોકે, કેટલાક ઉમેદવારોએ સોશિયલ મીડિયા પર તેમના પ્રતીકો શેર કર્યા હતા, જેના કારણે તેજસ્વીએ તેમની નારાજગી વ્યક્ત કરી હતી અને તેમને ઠપકો આપ્યો હતો. આરજેડી પ્રવક્તા મૃત્યુંજય તિવારીએ દાવો કર્યો હતો કે



બિહારમાં "રમત" ટૂંક સમયમાં શરૂ થશે, પરંતુ ગઠબંધનમાં બેઠકોની વહેંચણીમાં વિલંબથી ચિંતા વધી ગઈ છે. કોંગ્રેસ કેન્દ્રીય ચૂંટણી સમિતિની આજે બેઠક મળવાની છે, જ્યાં બેઠકોની વહેંચણી અંગે અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. મહાગઠબંધનની બેઠકોની વહેંચણી વ્યવસ્થામાં સૌથી મોટો અવરોધ કોંગ્રેસની માંગ છે. કોંગ્રેસ ઓછામાં ઓછી ૬૦ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે, જ્યારે આરજેડી ૫૦-૫૫ થી વધુ બેઠકો છોડવા તૈયાર નથી. ૨૦૨૦ ની ચૂંટણીમાં, કોંગ્રેસે ૭૦ બેઠકો પર ચૂંટણી લડી હતી પરંતુ ફક્ત ૧૯ બેઠકો જીતી હતી. પાર્ટીના નબળા સ્ટ્રાઈક રેટને જોતાં લાલુ યાદવ આ વખતે સાવચેત છે. દરમિયાન, મુકેશ સાહનીના વીઆઈપીને ૧૮ બેઠકો આપવાની ચર્ચા થઈ રહી છે, પરંતુ આરજેડીએ શરત મૂકી છે કે આરજેડી ઉમેદવારો આમાંથી ૧૦ બેઠકો પર વીઆઈપી પ્રતીક પર ચૂંટણી લડે. વીઆઈપી આ શરત સાથે સહમત નથી. ડાબેરી પક્ષોએ પણ ૭૫ બેઠકોની માંગણી કરી છે, પરંતુ આરજેડી ૧૯ થી વધુ બેઠકો છોડવા તૈયાર નથી. સીટ વહેંચણી ઉપરાંત, કેટલીક અન્ય બેઠકો પર પણ ગઠબંધનમાં તણાવ પ્રવર્તી રહ્યો છે. તેજસ્વી ભાગલપુરની કહલગાંવ બેઠક પર પોતાના ઉમેદવારને ઉતારવા પર અડગ છે, જે કોંગ્રેસની પરંપરાગત બેઠક છે. ચૂંટણીની તારીખો જાહેર થયા પછી તેજસ્વીએ ત્યાં તેમની પહેલી જાહેર રેલી યોજી હતી. બેગુસરાયમાં બચવારા બેઠક પર પણ વિવાદ છે. કોંગ્રેસે ૨૦૨૦માં આ બેઠક જીતી હતી, અને હવે તે શિવ પ્રકાશ ગરીબ દાસને મેદાનમાં ઉતારવા માંગે છે, જેમણે પાછલી ચૂંટણીમાં અપક્ષ તરીકે ૪૦,૦૦૦ મત મેળવ્યા હતા. આના પરિણામે સીપીઆઈના અવધેશ કુમાર રાયનો પરાજય થયો. આરજેડી આ બેઠક સીપીઆઈને આપવા માંગે છે. નરકટિયાગંજ બેઠક પર પણ તણાવ છે, જ્યાં ૨૦૨૦માં કોંગ્રેસના વિનય વર્મા હારી ગયા હતા. આ વખતે, આરજેડી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વાલ્મિકી નગરથી હારી ગયેલા દીપક યાદવને મેદાનમાં ઉતારવા માંગે છે. જ્યારે એનડીએ સીટ-શેરિંગ અને ટિકિટ વિતરણને લઈને ઉથલપાથલમાં ફસાયેલું છે, ત્યારે મહાગઠબંધન હજુ સુધી સીટ-શેરિંગને અંતિમ સ્વરૂપ આપી શક્યું નથી. રાજકીય વિશ્લેષકો માને છે કે જો ટૂંક સમયમાં નિર્ણય લેવામાં નહીં આવે, તો મહાગઠબંધનને નોંધપાત્ર નુકસાન થઈ શકે છે.

# કુપવાડાના માછિલ સેક્ટરમાં બે આતંકીઓને મોતને ઘાટ ઉતારતું ભારતીય સુરક્ષાદળ

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૧૪

જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરમાં એલઓસી પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. ગઈકાલે રાત્રે શરૂ થયેલા ઓપરેશન દરમિયાન સંયુક્ત દળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. અગાઉ,એલઓસી પર શંકાસ્પદ ગતિવિધિઓ જોવા મળ્યા બાદ માછિલ સેક્ટરમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. વિસ્તારમાં આતંકવાદ વિરોધી કામગીરી અને સર્ચ ઓપરેશન ચાલુ છે. સૂત્રો



અનુસાર, સૈનિકોએ શંકાસ્પદ ઘૂસણખોરી પ્રવૃત્તિ જોઈ હતી, જેના પગલે સાવચેતી રૂપે કેટલાક રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યા હતા. વિસ્તારમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે અને કોઈ ઘૂસણખોરી ન થાય તે માટે મોટા પાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. દરમિયાન,બીએસએફ એ શિયાળા પહેલા જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર તેની તકેદારી વધારી દીધી છે, કારણ કે આ સમયગાળા દરમિયાન સરહદ પારથી ઘૂસણખોરીના પ્રયાસો વધવાની ધારણા છે.

# અમુક દેશો આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યાં છે : રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૧૪

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે નવી દિલ્હીમાં આયોજિત સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય યોગદાન આપનારા દેશોના વડાઓના સંમેલનને સંબોધિત કર્યું. પરિષદ દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત માટે, શાંતિ જાળવણી ક્યારેય વિકલ્પ રહી નથી, પરંતુ વિશ્વાસનો વિષય રહી છે. આપણી સ્વતંત્રતાની શરૂઆતથી જ, ભારત આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાના તેના મિશનમાં સંયુક્ત રાષ્ટ્રની સાથે મજબૂત રીતે ઊભું રહ્યું છે. સંમેલનમાં, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, આપણે બધા જાણીએ છીએ કે શાંતિ રક્ષા એ લશ્કરી મિશન કરતાં વધુ છે; તે એક સહિયારી જવાબદારી છે. તે આપણને યાદ અપાવે છે કે સંઘર્ષ અને હિંસાથી ઉપર, માનવતા છે જેને જાળવી રાખવાની જરૂર છે. અને તેથી જ જ્યારે યુદ્ધ અને વંચિતતાથી પીડાતા લોકો બ્લુ હેલ્મેટને જુએ છે, ત્યારે તેઓ સમજે છે કે દુનિયાએ તેમને ત્યજી દીધા નથી.સંમેલન દરમિયાન,



સંરક્ષણ મંત્રીએ આંતરરાષ્ટ્રીય ધોરણોના ઉલ્લંઘનનો મુદ્દો પણ ભારપૂર્વક ઉઠાવ્યો. તેમણે કહ્યું, આજકાલ, કેટલાક દેશો ખુલ્લેઆમ આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે, કેટલાક તેમને નબળા પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે અન્ય લોકો પોતાના નિયમો બનાવીને આગામી સદી પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બધા વચ્ચે, ભારત જૂના આંતરરાષ્ટ્રીય માળખામાં સુધારાની હિમાયત કરતી વખતે આંતરરાષ્ટ્રીય નિયમો-આધારિત વ્યવસ્થાને મજબૂત રીતે જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે.નવી દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય યોગદાન આપનારા દેશોના વડાઓના સંમેલનમાં બોલતા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, છેલ્લા દાયકાઓમાં, લગભગ ૨૯૦,૦૦૦ ભારતીય કર્મચારીઓએ ૫૦ થી વધુ યુએન શાંતિ રક્ષા કામગીરીમાં સેવા આપી છે અને તેમના વ્યાવસાયિક કૌશલ્ય, હિંમત અને કરુણા માટે વૈશ્વિક સ્તરે આદર મેળવ્યો છે. કોંગો અને કોરિયાથી દક્ષિણ સુદાન અને લેબનોન સુધી, આપણા સૈનિકો, પોલીસ અને તબીબી વ્યાવસાયિકો આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે ખભા મિલાવીને નબળા લોકોનું રક્ષણ કરવા અને સમાજના પુનર્નિર્માણ માટે ઉભા રહ્યા છે.



















**પોલીસ જવાનોએ ખેડૂતોને અંદર જતા રોકવામાં આવ્યા**

# બગસરામાં રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતો માટે પ્રવેશબંધીથી આક્રોશ

બગસરા,તા.૧૫

બગસરામાં આજરોજ રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ખેડૂતો માટે કરવામાં આવતા કૃષિ મહોત્સવમાં ખેડૂતોને પ્રવેશ આપવામાં ન આવતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. બગસરા સ્વામિનારાયણ મંદિર ખાતે કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પ્રગતિશિલ ખેડૂતો સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડ્યા હતા. જેમાં અમુક ખેડૂતોને કૃષિ મહોત્સવમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. આ અંગે પ્રગતિશીલ ખેડૂત ભાવેશભાઈ હંસરાજભાઈ ગોધાણીએ રોષ સાથે જણાવ્યું હતુ કે, કૃષિમેળામાં ચુસ્ત પોલીસનો બંદોબસ્ત હતો, જેમાં અમુક ખેડૂતોને કૃષિ મહોત્સવમાં અંદર



જતા રોકવામાં આવ્યા હતા. પ્રગતિશીલ ખેડૂત તરીકે સંવાદ કરવાની પણ ઈચ્છા હતી ત્યારે આઈબીના રિપોર્ટનું જણાવી ખેડૂતોને કૃષિ મહોત્સવમાં જવા માટે રોકવામાં આવ્યા હતા. આમ, કૃષિ મહોત્સવમાં અમુક ખેડૂતોને અંદર પ્રવેશ આપવામાં ન આવતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો હતો. આ અંગે આપના આગેવાન કાંતિભાઈ સતાસીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અંગ્રેજોનું શાસન છે, ખેડૂતો પર દમન ગુજારવામાં આવે છે અને ભાજપ નેતાઓએ ધાર્મિક જગ્યાઓને રાજકિય અખાડો બનાવી અમુક ખેડૂતોની પ્રવેશબંધી પર રોષ વ્યકત કર્યો હતો.

# અમરેલી શહેર ભાજપ દ્વારા ગુરુવારે રંગોળી સ્પર્ધા યોજાશે

અમરેલી,તા.૧૪

અમરેલી શહેર ભાજપ દ્વારા ગુરુવાર, તા.૧૬-૧૦ના રોજ અમરેલીની કલા પ્રેમી મહિલાઓ માટે ખાસ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા જિલ્લા પંચાયત કચેરી ગ્રાઉન્ડ ખાતે સવારે ૮થી ૧૧ દરમિયાન યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે બુધવારે ૧૨ વાગ્યા સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ સ્પર્ધા બે કેટેગરી- (A) ઉંમર ૧૨ થી ૧૮ (B) ઉંમર ૧૮ થી ઉપર માટે યોજાશે. નિયત સમય મુજબ રંગોળી ૨ કલાકમાં બનાવવાની રહેશે. ઝરી-આભલાનો ઉપયોગ થઈ શકશે. સ્પર્ધક કોઈ સહાયકની મદદ લઈ શકશે નહિ. રંગો તથા રંગોળી માટે જરૂરી સામાન સ્પર્ધકોએ પોતાની રીતે લાવવાનો રહેશે.

સ્પર્ધકો જોઈને રંગોળી બનાવી શકશે. છાપણી અથવા ડાઈનો ઉપયોગ કરી શકાશે નહીં. અંતિમ નિર્ણય નિર્ણાયકોના રહેશે. દરેક સ્પર્ધકને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે સંપર્કઃ અલ્કાબેન ગોંડલીયા-૭૦૧૬૪ ૦૯૮૦૯, કોમલબેન રામાણી-૮૪૬૦૮ ૪૫૬૨૦, પ્રવિણાબેન રાઠોડ-૭૦૪૧૫ ૪૦૯૪૦, રેખાબેન પરમાર-૬૩૫૩૯ ૨૪૧૬૦, કિરણબેન પડાયા-૯૭૨૩૨ ૪૭૩૦૩, આરતીબેન અટારા-૮૧૪૧૧ ૩૯૩૪૫.

# દિવાળીના તહેવારોને લઈ અમરેલી જિલ્લા પોલીસ સતર્ક

અમરેલી,તા.૧૪

દિવાળીના તહેવારને અનુલક્ષીને અમરેલી જિલ્લા પોલીસ એલર્ટ મોડ પર છે. તહેવારો દરમિયાન ઘરફોડ ચોરી અને અન્ય ગુનાઓ અટકાવવા માટે પોલીસે સોશિયલ મીડિયા દ્વારા નાગરિકોને વિશેષ સુરક્ષા માર્ગદર્શિકા જાહેર કરી છે.પોલીસે અપીલ કરી છે કે બહારગામ જતી વખતે કિંમતી વસ્તુઓ, ઘરેણાં અને રોકડ સુરક્ષિત સ્થળે રાખવા. શક્ય હોય તો રહેણાંક વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવવા અને સિનિયર સિટીઝન (વરિષ્ઠ નાગરિકો)એ નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવી. બહાર જતાં પહેલાં ઘરમાં એક લાઈટ ચાલુ રાખવા અને મજબૂત ઈન્ટરલોક સિસ્ટમનો ઉપયોગ કરવાનું સૂચન કરાયું છે. કોઈ પણ ઈમરજન્સીમાં



તાત્કાલિક ૧૧૨ નંબર ડાયલ કરીને પોલીસને જાણ કરવા જણાવાયું છે. આ ઉપરાંત, અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પોલીસ સંભારણા દિવસ, ૨૧ ઓક્ટોબર નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ૧૬, ૧૭ અને ૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ખાતે યોજાશે. જિલ્લા પોલીસ તંત્રએ તમામ નાગરિકોને આ રક્તદાન કેમ્પમાં જોડાવા અપીલ કરી છે. રક્તદાન કરવા ઈચ્છતા નાગરિકો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી શકે છે.

# અમરેલી જિલ્લામાં ૧૬૪ સેવા સહકારી મંડળીઓ કોમ્પ્યુટરાઈઝ થઈ

અમરેલી,તા.૧૪

અમરેલી જિલ્લામાં પેક્સ કોમ્પ્યુટરાઈઝેશન પ્રોજેક્ટ અંતર્ગત તમામ તબક્કાઓ પૂર્ણ કરી ૧૬૪ સેવા સહકારી મંડળીઓને EPACS જાહેર કરવામાં આવી છે. જેથી ગ્રામ્ય સ્તરે કાર્યરત સેવા સહકારી મંડળીઓમાં પારદર્શકતા વધશે.જિલ્લા રજીસ્ટાર એસ. આર. અણીયાળીયાએ જણાવ્યું કે,



આ પ્રોજેક્ટ અંતર્ગત સેવા સહકારી મંડળીઓનો સમાવેશ થાય છે, કેન્દ્ર સરકાર દ્વારા કોમ્પ્યુટર હાર્ડવેર પ્રોવાઈડ કરવામાં આવ્યાં છે, જેના ઉપયોગ થકી વિવિધ મંડળીઓએ CSCસેન્ટરનું લાયસન્સ મેળવ્યુંછે. જેથી ગ્રામ્ય સ્તરે સભાસદોને વિવિધ ઓનલાઈન સેવાઓ પૂરી પાડી શકાશે. કોમ્પ્યુટરાઈઝેશન થકી ભવિષ્યમાં સેવા સહકારી મંડળીને સહકારી બેંક સાથે અને નાબાર્ડ સાથે સંયોજિત કરી ડિજિટલાઈઝેશન થકી સરકારના અન્ય પોર્ટલો સાથે પણ લિંક કરી કાર્યદક્ષતામાં વધારો કરવાનું પણ આયોજન હાથ ધરાશે.

# કેરીયાનાગસના મંગાભાઈ મેવાડાનું આકસ્મિક અવસાન

કેરીયાનાગસ,૧૪

કેરીયાનાગસ ગામના ભરવાડ સમાજના મંગાભાઈ ગોકળભાઈ મેવાડાનુ આકસ્મિક અવસાન થયું છે. તેઓ, જે લોકોને પેટના કોઈ પણ પ્રકારના દર્દ હોય તેવા દેશ-વિદેશના હજારો લોકોને સાજા કરનારના પૌત્ર પુખ્ત વયના નિખાલસ સ્વભાવના સ્વ.



તસવીર :ઘનશ્યામભાઈ લાંભીયા

મંગાભાઈ મેવાડાની સ્મશાન યાત્રામાં દરેક સમાજના લોકો બહોળી સંખ્યામાં જોડાયા હતા અને દુઃખની લાગણી વ્યક્ત કરી, પરિવારને સાંત્વના પાઠવી હતી.

# વિકાસ રથનું કુંકાવાવ તાલુકામાં ઉમળકાભેર સ્વાગત

અમરેલી,તા.૧૪

વિકાસ રથનું કુંકાવાવ તાલુકામાં ઉળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમવારે સવારે ૯.૦૦થી ૧૧.૦૦ દરમિયાન બરવાળા બાવીશી મુકામે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગ્રામજનોને વિકાસ સપ્તાહ અંતર્ગત નાગરિકોનો સીધો લાભ આપવામાં આવ્યો હતો.તાલુકા પંચાયતના પ્રમુખ પરશોત્તમભાઈ હિરપરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ગામના ૨૦૧ વ્યક્તિઓએ વિકાસ શપથ લીધા હતા. ગ્રામ વિકાસની સુવિધામાં ઉમેરો કરતા આશરે રૂ. ૨૫ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.ગ્રામજનોને રાજ્ય અને કેન્દ્ર સરકારની



કલ્યાણકારી યોજનાઓના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આઈ.સી.ડી.એસ. દ્વારા વાનગી પ્રદર્શન અને મહિલા તેમજ બાળ કલ્યાણ વિભાગનું પ્રદર્શન યોજાયું હતું. ગ્રામજનો આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. બપોરે સારંગપુર મુકામે યોજાયેલા કાર્યક્રમમાં ગામના ૧૩૫ નાગરિકોએ ભારત વિકાસ શપથ લીધા હતા. સારંગપુર મુકામે રૂ. ૩૦ લાખના વિકાસ કાર્યોનુ ખાતમુહૂર્ત અને રૂ. ૪૦ લાખના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આમ ગામમાં આશરે રૂ. ૭૦ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું.

**વિવિધ ગામોમાં લાખો રૂપિયાના ખર્ચે ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ**

# અમરેલીના સાંસદ કોલેજ ઓફ નેચરલ ફાર્મીંગના પ્રાકૃતિક સ્ટોલની મુલાકાતે

અમરેલી,તા.૧૪

કૃષિ વિકાસ દિન અને રવિ કૃષિ મહોત્સવ નિમિતે અમરેલી ખાતે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ (GNFSU)ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતિ ફેલાવવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો. કોલેજ ફાર્મના પ્રાકૃતિક ઉત્પાદનો અને બાયો ઈનપુટ



પેકેજિંગ સાથેનું વિશેષ સ્ટોલ ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત બન્યું હતું. સાથે સાથે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ મંગળવારના રોજ આ સ્ટોલની મુલાકાત લીધી હતી. તેમણે સ્ટોલ ખાતે કોલેજના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ બાયો ઈનપુટ જેમ કે જીવામૃત, નિમાસ્ત્ર, દશપર્ણી અર્ક, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર જેવા આકર્ષક રેડી- ટુ -યુઝ પેકેજિંગ નિહાળીને તેની પ્રશંસા કરી હતી. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી પણ હાજર રહ્યા હતા.

# ચલાલામાં વૃધ્ધાનું નિધન થતા વાજતે ગાજતે અંતિમયાત્રા નીકળી

ચલાલા,તા.૧૪

ચલાલા નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીના માતૃશ્રીનું નિધન થતા વાજતે ગાજતે અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. ચલાલા નગરપાલિકાના કર્મચારીના માતૃશ્રી અંબાબેન ખુંટનું ૯૦ વર્ષની ઉંમરે નિધન થતા વૃદ્ધાની અંતિમયાત્રા



ઢોલ નગારાના તાલે નીકળી હતી, જેમાં ભજન કીર્તન પણ કરવામાં આવ્યા હતા. વૃદ્ધાની અંતિમયાત્રામાં પાલિકા પ્રમુખ સહિતના ડાઘુઓ જોડાયા હતા.

# ચિતલમાં શ્રી પિલવાઈ માતાજીના ધામમાં વિવિધ કાર્યક્રમ યોજાશે

લીલીયા,તા.૧૪

ચિતલમાં સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ રોકળીયા દવે પરિવારના કુળદેવી શ્રી પિલવાઈ માતાજી ધામના પટાંગણમાં તા.૨૬ને રવિવાર (લાભપાંચમ)ના રોજ ત્રિવિધ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત ૨૩મો ત્રિકુંડી શ્રીયજ્ઞ, પરિવારનું સ્નેહમિલન, ઈનામ વિતરણના કાર્યક્રમ યોજાશે. આ તકે સૌરાષ્ટ્રમાં વસતા રોકળીયા દવે પરિવારના સભ્યોને આમંત્રણ પાઠવાયું છે.









### પોલીસે રોકડ રકમ સહિત રૂ.૮૯,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો

# બાબરા પંથકમાં ઘરફોડ ચોરી કરનારા ત્રણ પ્રાંતીય ઈસમો ઝડપાયા

અમરેલી તા.૧૪

બાબરા તાલુકામાં છેલ્લા થોડા દિવસોમાં ઘરફોડ ચોરીની ઘટના બનતા સ્થાનિક પોલીસની ઊંઘ હરામ થઈ ગઈ હતી. જેથી આ ચોરોને ઝડપી પાડવા માટે જિલ્લા પોલીસ વડાએ આદેશ આપતા એલસીબી પોલીસે ત્રણ તસ્કરોને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ૧૬ દિવસ પહેલા બાબરાના વલારડી ગામે બંધ રહેણાંક મકાનમાંથી માતાજીના મઢની લોખંડની ગ્રીલનું તાળું તોડી દાન પેટીમાંથી રોકડ રકમ અને માતાજીની મૂર્તિ પર રાખેલ બે ચાંદીના છત્તર, સોનાના છત્તરની ચોરી કરી હતી તો ૧૨ દિવસ પહેલા ગરણી ગામે રહેણાંક મકાનમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમની લૂંટ ચલાવી હતી. પાંચ દિવસ પહેલા નડાળા



ગામે એક માતાજીના મઢની ગ્રીલનું તાળું તોડી માતાજીની મૂર્તિ પર રાખેલા ૨૦ જેટલા નાના મોટા છત્તર ની ચોરી કરી હતી. જેથી બાતમીના આધારે એલસીબી પોલીસે માનસિંહ ખમસિંહ પરવડીયા, રાજકુમાર રામસિંગ રાવત અને મનોજ રામસિંગ રાવત તમામ રહે. મધ્યપ્રદેશ હાલ બાબરાના ઊંટવડ ગામની સીમવાળાઓને ઝડપી પાડી પોલીસે તસ્કરો પાસેથી રૂ.૧૪૦૦૦ રોકડા મોટરસાયકલ નંગ બે અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૮૯૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# સાવરકુંડલામાં મિલકત સબંધી ગૂનો આચરનારને પાસા તળે જેલ હવાલે કરાયો

અમરેલી,તા.૧૪

અમરેલી જિલ્લામાં સતત ગુના આચરવાની ટેવ ધરાવતા એક અસામાજિક તત્વ સામે પોલીસે પાસા હેઠળ કાર્યવાહી કરી છે. અમરેલી એલસીબી દ્વારા સાવરકુંડલાના આરોપી સંજય કાળુભાઈ પરમાર (ઉ.૧૮)ની અટકાયત કરીને તેને મહેસાણા જિલ્લા જેલ હવાલે કરવામાં



આવ્યો છે. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચના બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોપી સંજય પરમાર મિલકત સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલો હતો.

તેના વિરુદ્ધ સાવરકુંડલા વિસ્તારમાં પાંચ જેટલા અલગ-અલગ ગુનાઓ નોંધાયેલા છે. તેની અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે પોલીસ દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં તા. ૧૯ અને ૨૦ના દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન

અમરેલી,તા.૧૪

સાવરકુંડલા શહેર વર્ષોથી સેવેલ 'રીવર ફ્રન્ટ'ના સપનાનું પ્રથમ ચરણ એટલે નાવલી ઉત્સવનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર, અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા આ ઉત્સવ તારીખ ૧૯ અને ૨૦ ઓક્ટોબર દરમિયાન ઉજવાશે. ઉત્સવના પ્રથમ ચરણમાં, નાવલીના પટાંગણમાં યુદ્ધના ધોરણે



સફાઈ ચાલી રહી છે. તારીખ ૧૯ના રોજ, રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે રાત્રે ૯ કલાકે ગુજરાતના ખ્યાતનામ કલાકારો રાજ ગઢવી, અપેક્ષા પંડ્યા, અને કિશન રાદડિયાના ડાયરાની રમઝટ જામશે. તારીખ ૨૦-૧૦-૨૫ના રોજ રાત્રે ૯ કલાકે ભવ્ય આતશબાજી અને ૧૦ કલાકે દેવળા ગેઈટ ખાતે સાવરકુંડલાની અનોખી ઓળખ સમાન ઈંગોરિયા યુદ્ધ યોજાશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના નેતૃત્વમાં, શહેરને સુવર્ણ નગરીનું ઓરિજિનલ સ્વરૂપ આપવાના પ્રયાસોના ભાગ રૂપે, આ અવસર પર તમામ શહેરીજનોને હોંશે હોંશે ભાગ લેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### અમરેલીના હિરકબાગ ફાયર સ્ટેશન ખાતે

# ફટાકડા સ્ટોર ધારકો માટે અધિકારીઓની હાજરીમાં ફાયર સેફ્ટીની મીટીંગ યોજાઈ

અમરેલી,તા.૧૪

અમરેલીમાં મંગળવારના રોજ બપોરે ૧૫:૦૦ કલાકે હિરકબાગ સ્થિત ફાયર સ્ટેશન ખાતે દિવાળી પર્વને ધ્યાને રાખી હંગામી ફટાકડા સ્ટોરના ધારકો સાથે ફાયર સેફ્ટી અંગે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં સ્ટોરધારકોને



તેમના સ્ટોર પર કયા-કયા પ્રકારના ફાયર સેફ્ટી ડોક્યુમેન્ટ્સ, ચોક્કસ લીટર પાણીની વ્યવસ્થા, રેતીની બકેટ અને 'નો સ્મોકિંગ'ના સાઈન બોર્ડ સહિતના સાધનોની ઉપલબ્ધતા અંગે વિસ્તૃત માહિતગાર કરાયા હતા.

આ દરમિયાન શહેર મામલતદાર, SDM અને પોલીસ વિભાગના PSI પણ હાજર રહ્યા હતા અને પોતપોતાના વિભાગના નિયમો અને રેગ્યુલેશન વિશે માહિતી આપી હતી. સલામત દિવાળી માટે આ આયોજન કરાયું હતું.

# સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડ તા. ૧૮થી ૨૬ સુધી બંધ રહેશે

અમરેલી,તા.૧૪

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સાવરકુંડલા દ્વારા જાહેરાત કરતાં જણાવવામાં આવેલ કે શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, સાવરકુંડલા જી.અમરેલી દ્વારા આગામી દીવાળી પર્વ નિમિતે તા.૧૮/૧૦/૨૦૨૫ ને શનીવાર થી તા.૨૬/૧૦/૨૦૨૫ રવિવાર સુધી રજા જાહેર કરવામાં આવે છે. જે દરમ્યાન સાવરકુંડલા માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે. તા.૨૭/૧૦/૨૦૨૫ ને સોમવારથી તમામ જણસીઓની હરરાજી તેમજ માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે. જે અન્વયે રજાઓ બાદ તમામ જણસીઓની આવકને તા.૨૬/૧૦/૨૦૨૫ ને રવીવારથી પ્રવેશ મળશે. જેની દરેક ખેડુતભાઈઓ, વાહનધારકો,કમીશન એજન્ટો, વેપારીઓ તથા લાગતા વળગતાઓએ નોંધ લેવા સેક્રેટરી એ.પી.એમ.સી. સાવરકુંડલાની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા
ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી
વગેરેના ટાયર
10% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો
ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


### મઢડા ગામે ભોકરવા ગામના રસ્તે ઘટના બની

# પવનચક્કી ઉભી કરવા માટે સર્વેના પૈસા ન આપતા ધોલ ધપાટ કરી

**રોકડા ૪૨૦૦ લૂંટી લઈને ધમકી આપી**

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલાના મઢડા ગામે ભોકરવા ગામના રસ્તે એક કોન્ટ્રાક્ટરને પવનચક્કી ઉભી કરવા માટે સર્વેના પૈસા ન આપતા ધોલ ધપાટ કરવામાં આવી હતી. ઉપરાંત રોકડા ૪૨૦૦ લૂંટી લઈને મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે અમરેલીમાં રહેતા મૂળ જેસર તાલુકાના રબારીકા ગામના જનકભાઈ અનકભાઈ વિંછીયા (ઉ.વ.૪૪)એ અશોકભાઈ જયતાભાઈ બોરીચા , બાલસિંગ બોરીચા બન્ને રહે.લુવારા, ગૌતમભાઈ ખુમાણ રહે.સેંજળ, મહેશભાઈ વાળા રહે.સાવરકુંડલા, પૃથ્વીરાજ ખુમાણ રહે. સેંજળ, કમલેશભાઈ વાળા રહે.સાવરકુંડલા, કુલદીપભાઈ ખુમાણ રહે. રામગઢ તથા બીજા ચાર અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પવનચક્કીના પ્રોજેક્ટ માટે જમીનના સર્વેનું કામ પેટા કોન્ટ્રાક્ટર તરીકે સંભાળતા હતા. જોકે, આરોપી અશોકભાઈ બોરીચાને આ કોન્ટ્રાક્ટ પોતે જોઈતો હતો. તેમને કોન્ટ્રાક્ટ મળ્યો તે વાત આરોપીને ગમી નહોતી. જેથી આરોપીએ સાવરકુંડલા વિસ્તારના ગામોમાં સર્વે કરવા દેવા માટે ફરિયાદી પાસે રૂપિયાની માંગણી કરી હતી. તેમણે રૂપિયા આપવાની ના પાડતા તેઓ મઢડા ગામે સર્વેનું કામ પૂરું કરીને પરત જઈ રહ્યા હતા તે સમયે તમામ આરોપીઓ પ્રાણઘાતક હથિયારો સાથે ફોરવ્હીલ વાહનમાં ધસી આવ્યા હતા. આ હુમલાખોરોએ સાહેદ ધર્મેન્દ્રસિંહ જેઠવાને આંતરીને તેમની સાથે ગાળાગાળી કરી અને ધોલ-ધપાટ મારી હતી. એટલું જ નહીં, હુમલાખોરોએ ધર્મેન્દ્રસિંહ પાસે રહેલી સર્વેની રૂ.૪,૨૦૦ની લૂંટ ચલાવી હતી. લૂંટ કર્યા બાદ આરોપીઓ ત્યાંથી મારી નાખવાની ધમકી આપીને નાસી છૂટ્યા હતા.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી આઈ પી એલ ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# વંડા પોલીસ સ્ટેશન દ્વારા પી.પી.એસ. હાઈસ્કૂલના બાળકોને 'ગુડ ટચ-બેડ ટચ'ની સમજણ અપાઈ

સાવરકુંડલા,તા.૧૪

આજનું બાળક એ આવતીકાલનું ભવિષ્ય છે, ત્યારે દરેક બાળકનો મુક્ત અને નિર્ભય વાતાવરણમાં સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વંડા પોલીસ સ્ટેશન દ્વારા પી.પી.એસ. હાઈસ્કૂલ વંડા ખાતે બાળકોની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવાના 'મિશન સ્માઈલ' અભિયાન અંતર્ગત 'ગુડ ટચ-બેડ ટચ' વિશે સમજણ આપવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન વંડાના પીએસઆઈ પી.જી. રામાણીના




માર્ગદર્શન હેઠળ તાલીમબદ્ધ ટીમ દ્વારા પ્રહલાદભાઈ ચૌહાણે બાળકોને ગુડ ટચ અને બેડ ટચની સમજ આપી હતી. આ ઉપરાંત, એસપીસી એડીઆઈ વિરલબેન તેમજ તેમની ટીમ તથા કમ્યુનિટી પોલીસ ઓફિસરની ઉપસ્થિતિમાં બાળકોને દશ્ય-શ્રાવ્ય માધ્યમો, નાટક અને રોલ પ્લે દ્વારા સારા અને ખરાબ સ્પર્શ વિશે સચોટ માહિતી આપવામાં આવી હતી. શાળાઓ, શિક્ષકો, બાળકો અને વાલીઓ માટે ભવિષ્યમાં ઉપયોગી બની રહે તેવું તાલીમી સાહિત્ય ધરાવતી ડીવીડી તેમજ પેમ્પ્લેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



BLUE BUDDHA
END OF SEASON SALE
Buy Rs. 4490/- Rs. 500/-off
Buy Rs. 9990/- Rs. 1250/- off
Buy Rs. 14990/- Rs. 2000/- off
Buy Rs. 19990/- Rs. 3000/- off
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


**-:જાહેર નોટીસ:-**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૪૯/૨૦૨૫

**અરજદારશ્રી:-** બાબુભાઈ ડાયાભાઈ ગેજરા,
રે. ઈશ્વરીયા, તા.વડીયા, જી.અમરેલી
**એડવોકેટશ્રી હરેશ.વી.કોટડીયા, મો.- ૯૮૭૯૮ ૫૧૩૫૨.**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ઈશ્વરીયા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી બાબુભાઈ ડાયાભાઈ ગેજરાના પુત્ર ભાવેશભાઈ નો જન્મ તા.૧૮/૦૯/૧૯૮૪ ના રોજ મુ.ઈશ્વરીયા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખોત જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સીક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/સી/૨૨૨૫/૨૦૨૫ તા.૧૨/૦૯/૨૦૨૫

શ્રી જયસુખભાઈ ભાવાભાઈ વાઘેલા
રહે. શોભાવડલા-ગીર, તા. વિસાવદર, જી. જુનાગઢ

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનીયમન ૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોંધ કરાવવા અંગેની અરજી**

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, આપ દ્વારા અત્રેની કચેરીમાં જન્મ મરણ નોંધણી અધિનિયમ કલમ૧૩(૩) મુજબ આપના જન્મની નોંધ અંગેનો હુકમ કરવા તા.૨૮/૦૮/૨૦૨૫ થી રજુઆત અરજી કરેલ છે. આ બાબતે આ સહ સામેલ જાહેર નોટીસ ગુજરાતમાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા ગુજરાતી દૈનીક વર્તમાનપત્રમાં દિન-૭ (સાત) માં પ્રસિધ્ધ કરી તેના આધર પુરાવા અત્રેને રજુ કરવા જણાવવામાં આવે છે. જાહેર નોટીસ પ્રસિધ્ધી કર્યા અંગેના આધાર પુરાવા મુદત હરોળમાં રજુ કરવામાં નહી આવે તો આપની અરજી દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેશો.

**સહી**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૬૯/૨૦૨૫ તા.૧૨/૦૯/૨૦૨૫

શ્રી જયસુખભાઈ ભાવાભાઈ વાઘેલા
રહે. શોભાવડલા-ગીર, તા. વિસાવદર, જી. જુનાગઢ .........અરજદાર

વિરુધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - શોભાવડલા-ગીર,
તા. વિસાવદર, જી.જુનાગઢ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી જયસુખભાઈ ભાવાભાઈ વાઘેલા રહે. શોભાવડલા-ગીર, તા.વિસાવદર, જી.જુનાગઢએ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૬ ના રોજ વિસાવદર તાલુકાના શોભાવડલા-ગીર મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, શોભાવડલા-ગીર, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, શોભાવડલા-ગીર, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ.૧૨ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

**તૈયાર કરનાર**
**સહી**
**(પી.વી.શિંગડીયા)**
**નાયબ મામલતદાર વિસાવદર**

**કોર્ટનો સીક્કો**

**હુકમથી**
**સહી**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**


શું તમને સાંભળવાની તકલીફ છે ?

આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

તંત્રી લેખ

# ભારત ઈરાનના સંબધોમાં પરિવર્તનની રાજનીતિ

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુધ્ધના કારણે ભારત ઈરાનના સંબધોમાં ભારે પરિવર્તન આવ્યા છે.ભારત અને ઈરાન (જે ભૂતકાળમાં પર્શિયા તરીકે જાણીતું હતું) વચ્ચેના સંબંધો માત્ર રાજદ્વારી કે આર્થિક નથી, પરંતુ તે સંસ્કૃતિ, ભાષા અને ઈતિહાસના હજારો વર્ષ જૂના બંધનથી જોડાયેલા છે. આ બંને પ્રાચીન સંસ્કૃતિઓનો પારસ્પરિક પ્રભાવ એટલો ઊંડો છે કે તેનો અભ્યાસ કર્યા વિના એશિયાના ઈતિહાસને સંપૂર્ણ રીતે સમજી શકાતો નથી. ઈરાન અને ભારતે સદીઓથી વેપાર, તત્વજ્ઞાન અને કલાનું આદાનપ્રદાન કર્યું છે, જેનો સૌથી સ્પષ્ટ પુરાવો મુઘલ સામ્રાજ્ય દરમિયાન જોવા મળે છે, જ્યાં ફારસી ભાષા રાજભાષાનું ગૌરવ ધરાવતી હતી અને ભારતીય સંગીત, સ્થાપત્ય અને ચિત્રકલા પર તેનો પ્રભાવ અમર રહ્યો છે.આધુનિક યુગમાં, ૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળ્યા પછી અને ઈરાનમાં શાહ મોહમ્મદ રઝા પહેલવીનું શાસન સ્થપાયા પછી રાજકીય સંબંધોને નવી દિશા મળી. તે સમયે, બંને દેશો તટસ્થતા અને બિન-જોડાણવાદની નીતિ તરફ ઝુકાવ ધરાવતા હતા, જોકે ઈરાન શાહના શાસન હેઠળ પશ્ચિમી બ્લોક (ખાસ કરીને અમેરિકા)ની નજીક હતું, જ્યારે ભારત સોવિયેત યુનિયન તરફ વધુ ઝુકાવ ધરાવતું હતું. આમ છતાં, આર્થિક અને રાજદ્વારી સંબંધો સતત મૈત્રીપૂર્ણ રહ્યા હતા. ૧૯૭૯ માં ઈરાની ઈસ્લામિક ક્રાંતિ થઈ ત્યારે આ સમગ્ર સમીકરણમાં મોટું પરિવર્તન આવ્યું. ભારતે ઈરાનની નવી ધાર્મિક સરકારને તાત્કાલિક માન્યતા આપી, જેણે ઈરાનને વૈશ્વિક સ્તરે અલગતાના સમયમાં એક મૈત્રીપૂર્ણ પાડોશી પૂરો પાડ્યો. આ સમયગાળા દરમિયાન, બંને દેશો વચ્ચે આતંકવાદ વિરોધી સહકાર અને દ્વિપક્ષીય વેપારમાં વધારો થયો, જેણે વ્યૂહાત્મક ભાગીદારીનો મજબૂત પાયો નાખ્યો.ઈતિહાસના આ મજબૂત પાયા પર, વર્તમાન સમયમાં ભારત-ઈરાન સંબંધો અનેક જટિલ પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યા છે. આ પરિવર્તનોમાં સૌથી મહત્ત્વનું પરિબળ ઊર્જા સુરક્ષા રહ્યું છે. એક દાયકા પહેલાં સુધી, ઈરાન ભારત માટે ક્રૂડ તેલનો બીજો કે ત્રીજો સૌથી મોટો સપ્લાયર હતો. ભારતની વધતી જતી ઊર્જાની જરૂરિયાતોને ઈરાને સરળ શરતો, ઓછા વ્યાજ અને સ્થાનિક ચલણમાં ચુકવણીની છૂટ આપીને સંતોષી હતી. જોકે, યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ઈરાન પર લાદવામાં આવેલા આકરા આર્થિક પ્રતિબંધોને કારણે ભારતે ૨૦૧૯ પછી ઈરાનથી તેલની આયાત લગભગ સંપૂર્ણપણે બંધ કરી દીધી છે. આ નિર્ણય, ભારતીય ઊર્જા ક્ષેત્ર માટે મોટો ફટકો હતો અને દ્વિપક્ષીય સંબંધોના સૌથી મજબૂત સ્તંભને હચમચાવી નાખ્યો. આનાથી ભારતે અન્ય સપ્લાયર્સ (જેમ કે સાઉદી અરેબિયા, ઈરાક અને હવે રશિયા) પર વધુ આધાર રાખવો પડ્યો, જેણે તેના પ્રાદેશિક સંતુલનને અસર કરી.આ પડકારજનક વાતાવરણમાં, બંને દેશો વચ્ચેના સંબંધોને જીવંત રાખનારું એકમાત્ર અને સૌથી મહત્ત્વનું પરિબળ છે વ્યૂહાત્મક કનેક્ટિવિટી અને ચાબહાર બંદર પ્રોજેક્ટ. ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આવેલું ચાબહાર બંદર, ભારત માટે અસાધારણ ભૌગોલિક-વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. આ બંદર ભારતીય વેપારને પાકિસ્તાનના પ્રદેશને ટાળીને, અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવાનો માર્ગ પૂરો પાડે છે. ભારતે આ બંદરના વિકાસમાં અને તેને રેલવે તેમજ રોડ નેટવર્ક સાથે જોડવામાં મોટું રોકાણ કર્યું છે. આ પ્રોજેક્ટ ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC) ની ધરી સમાન છે, જે ભારતને રશિયા અને યુરોપ સાથે ઓછા ખર્ચે અને ઓછા સમયમાં જોડવાની ક્ષમતા ધરાવે છે. આમ, ચાબહાર માત્ર એક બંદર નથી, પણ ભારતની પ્રાદેશિક મહત્ત્વાકાંક્ષાઓની ચાવી છે, જેના પર ઈરાન સાથેના સંબંધોનું ભવિષ્ય ટકેલું છે.વર્તમાન રાજનીતિમાં ભારતની વિદેશ નીતિ એક જટિલ સંતુલન જાળવવાની કવાયત બની ગઈ છે. ભારત એક તરફ ઈરાન સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખવા માંગે છે જેથી ચાબહાર અને INSTC પ્રોજેક્ટ્સ અટકાય નહીં, જ્યારે બીજી તરફ તે તેના નજીકના વ્યૂહાત્મક ભાગીદાર અમેરિકા અને તેના અખાતી સાથીદારો (ખાસ કરીને સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયા) સાથેના સંબંધોને પણ મજબૂત કરવા માંગે છે, જેઓ ઈરાનના કટ્ટર હરીફ છે. આ સંતુલનકારી નીતિ ઘણીવાર મુશ્કેલ બની જાય છે, જ્યાં ભારતને પ્રતિબંધોના દબાણ હેઠળ ઈરાની પ્રોજેક્ટ્સની ગતિ ધીમી કરવી પડે છે. તેમ છતાં, ઈરાન ભારતને એક સ્વતંત્ર અને મહત્ત્વપૂર્ણ વૈશ્વિક શક્તિ તરીકે જુએ છે જે પશ્ચિમી દબાણ સામે ઊભું રહેવાની ક્ષમતા ધરાવે છે, અને તેથી જ તે ચાબહાર પ્રોજેક્ટમાં ભારતને વિશેષ છૂટછાટો આપે છે.નિષ્કર્ષમાં, ભારત અને ઈરાનનો રાજકીય ઈતિહાસ પરસ્પર આદર, સંસ્કૃતિનું આદાનપ્રદાન અને વ્યૂહાત્મક સહકારના મજબૂત દોરથી બંધાયેલો છે.

# NEETમાં એડમિશનના બહાને રૂ.પ.ર૩ લાખની ઠગાઈ: ઉદ્યોગ સાહસિક વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ

**પૈસા પરત માંગતા આપવાની ના પાડી**

બગસરા, તા.૧૪

બગસરામાં NEET-UG મેડિકલ/ડેન્ટલ કાઉન્સેલિંગ ૨૦૨૪ દ્વારા MBBS માં એડમિશન અપાવવાના બહાને એક વ્યક્તિએ ફરિયાદી સાથે રૂ.૫,૨૩,૦૦૦ ની મોટી ઠગાઈ આચરી હોવાનો બનાવ સામે આવ્યો હતો. આ મામલે હાલ કચ્છના મુન્દ્રામાં રહેતા અને મૂળ બગસરાના હિતેષભાઈ મનસુખલાલ દવે (ઉ.વ.૫૦)એ રાજસ્થાના ઉદયપુરના કેતનભાઈ કિરીટભાઈ ગોવિંદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ ફરિયાદીનો સંપર્ક સાધીને તેમના ભત્રીજા ભૂગુનું રાજસ્થાનની મેડિકલ કોલેજમાં MBBS માં એડમિશન અપાવી દેવાનું આશ્વાસન આપ્યું હતું. આરોપીએ NEET UG મેડિકલ/ડેન્ટલ કાઉન્સેલિંગ ૨૦૨૪ (MBBS/BDS STATE OF RAJA) માં એડમિશન કન્ફર્મ કરાવવાના બહાને ફરિયાદી પાસેથી કુલ રૂ.૫,૨૩,૦૦૦ની રકમની માંગણી કરી હતી. ફરિયાદીએ આરોપીની વાત પર વિશ્વાસ કરીને, આ રકમ ગુગલ પે મારફતે આરોપીના અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા કરાવી દીધી હતી.જોકે, ફરિયાદી પાસેથી સંપૂર્ણ રકમ મેળવ્યા બાદ પણ આરોપીએ તેમના ભત્રીજાનું મેડિકલ કોલેજમાં એડમિશન કરાવ્યું નહોતું. જ્યારે ફરિયાદીએ આ અંગે પૂછપરછ કરી અને પોતાના પૈસા પાછા માગ્યા, ત્યારે આરોપીએ પૈસા પરત આપવાનો પણ ઈનકાર કરી દીધો હતો. પોલીસે ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

# બાબરાના નિલવડા ગામે ખેતરના શેઢે મૂકેલા વીજ શોકથી પરિણીતાનું મૃત્યુ

**તહેવાર ટાણે જ પરિણીતાના મોતથી શોકનો માહોલ**

બાબરા, તા.૧૪

બાબરાના નિલવડા ગામે એક દુખદ ઘટના બની હતી. વાડીના શેઢે મૂકેલા ઈલેક્ટ્રિક શોર્ટથી પરિણીતાનું મૃત્યુ થયું હતું. દિવાળી ટાણે જ મહિલાના મોતથી શોકનો માહોલ છવાઈ ગયો હતો. બનાવ અંગે મુકેશભાઈ જાગાભાઈ મેટાળીયા (ઉ.વ.૪૦)એ યુવરાજભાઈ કાનાભાઈ નાગલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમના ખેતરમાં જંગલી પ્રાણી ન આવે તે માટે અને શોર્ટના કારણે માણસોના જીવ જાય તેવી જાણકારી હોવા છતાં ખેતરના શેઢે લોખંડનો જીણો તાર બાંધી ઈલેક્ટ્રિક શોર્ટ મુક્યો હતો. જે તારથી તેમના પત્ની દયાબેનને શોર્ટ લાગતાં મરણ પામ્યા હતા. બનાવ બાદ યુવરાજભાઈ તાર સંકેલી લીધો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પી આઈ એ એમ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

**અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો**

# ગોઢાવદર ગામની હદ વિસ્તારમાં દશેરાની મીઠાઈ લેવા જતાં મોટરસાયકલ સવારને ગંભીર ઈજા

લીલીયા, તા.૧૪

લીલીયાના ગોઢાવદર ગામના હદ વિસ્તારમાં દશેરા પર્વ નિમિત્તે મીઠાઈ લેવા જતા એક મોટરસાયકલ સવારને હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, પોતાના મિત્ર હિતેષભાઈ સાવજને મોટરસાયકલની પાછળ બેસાડીને ગોઢાવદર ગામથી લીલીયા મોટા તરફ જઈ રહ્યા હતા. આ સમયે, GJ-૧૪-BG-૪૨૩૯ નંબરની વાદળી રંગની ફોરવ્હીલ ગાડીના ચાલકે બેદરકારીપૂર્વક અને પૂરઝડપે વાહન ચલાવી ફરિયાદીની મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અરવિંદભાઈ ડાયાભાઈ ગજેરા (ઉ.વ.૬૨) એ GJ-૧૪-BG-૪૨૩૯ નંબરની ફોરવ્હીલ ગાડીના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આ અકસ્માતમાં મોટરસાયકલ પર સવાર બંને વ્યક્તિઓ નીચે પટકાયા હતા. તેમને જમણી આંખના ઉપરના ભાગે ગંભીર ઈજા સહિત શરીરના અન્ય ભાગો પર નાની-મોટી ઈજાઓ થઈ હતી, જ્યારે સાહેદ હિતેષભાઈ સાવજને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જ્યા બાદ ફોરવ્હીલ ગાડીનો ચાલક તાત્કાલિક પોતાની ગાડી લઈને ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. આ સમગ્ર મામલે સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફોરવ્હીલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો અને પોલીસે ફરાર ચાલકને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# તરવડા ગામેથી ૨૪ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાંથી કેફી પીણું પીને વાહન ચલાવતા સાત લોકો ઝડપાયા હતા. આ સિવાય જિલ્લામાંથી આઠ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. તરવડા ગામેથી ૨૪ લીટર સહિત જિલ્લામાં ચાર સ્થળેથી કુલ ૨૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# સાવરકુંડલામાં ર૩ લાખના ત્રણ વાહનો ભાડે લઈ પરત ન કરાતા વિશ્વાસઘાતની ફરિયાદ

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલામાં ૨૩ લાખના ત્રણ વાહનો ભાડે લઈ પરત ન કરાતા વિશ્વાસઘાતની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. કમલેશભાઈ ગોલણભાઈ વાળા (ઉ.વ.૪૬) એ મહેન્દ્રભાઈ રામકુભાઈ વીંછીયા સામે ફરિયાદ નોંધાવી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, ગત તારીખ ૦૧/૦૧/૨૦૨૩ ના રોજ આરોપીએ ફરિયાદીના માલિકીના ત્રણ મોટા વાહનો જમીન લેવલિંગના કામ માટે ભાડા પેટે લીધા હતા. જમીન લેવલિંગનું કામ પૂર્ણ થયા બાદ ફરિયાદીએ આરોપી પાસેથી તેમના વાહનો અને બાકી રહેલું ભાડું પરત મેળવવા માટે વારંવાર માંગણી કરી હતી. જોકે, આરોપીએ ફરિયાદીના ત્રણેય વાહનો અને તેનું ભાડું પરત ન કરીને તેમની સાથે વિશ્વાસઘાત કર્યો હતો.જેથી તેણે આ સમગ્ર મામલે આરોપી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વિશ્વાસઘાત અને વાહનોની ગેરકાયદેસર ઉચાપત કરવા બદલ ગુનો નોંધીને, આ ત્રણેય વાહનો અને આરોપીને શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એચ એમ અગ્રાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના રામપરા-ર ના ટ્રાન્સપોર્ટના ધંધાર્થી સાથે રૂ. ૧.૫૦ લાખની છેતરપિંડી

**મોબાઈલ હેક કરીને રકમ ઉપડી લીધી**

રાજુલા, તા. ૧૪

અમરેલી જિલ્લામાં ઓનલાઈન ફ્રોડ અને સાયબર ગુનાઓનો સિલસિલો યથાવત છે. વધુ એક કિસ્સામાં રાજુલાના રામપરા-૨ ગામના ટ્રાન્સપોર્ટના ધંધાર્થી સાથે અજાણ્યા ઠગે ફરિયાદીના બેન્ક ખાતામાંથી ફોન હેક કરીને રૂ.૧,૫૦,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદીના કરન્ટ એકાઉન્ટખાતામાંથી આ રકમ ઉપાડી લેવામાં આવી હતી. કાળુભાઈ જેઠસુરભાઈ વાઘ (ઉ.વ.૪૭) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યા આરોપીએ ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરીને આ ઓનલાઈન ફ્રોડ આચર્યો હતો અને તેમના બેન્ક ખાતામાંથી રૂ. ૧,૫૦,૦૦૦ની રકમનું ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન કર્યું હતું. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને સાયબર ક્રાઈમની મદદથી આરોપીને પકડવા અને ગુમાવેલી રકમને ટ્રેક કરવા માટે વધુ તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ છોગાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૨૧ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર લાલ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૩૨૧ | ૩૯૩ |
| તુવેર | ૯૨૦ | ૧૩૧૧ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૯૭૦ |
| અડદ | ૯૫૦ | ૧૬૦૧ |
| મગ | ૯૮૦ | ૧૭૩૫ |
| વાલ દેશી | ૫૫૦ | ૧૦૪૦ |
| ચોળી | ૮૦૦ | ૧૩૧૨ |
| વટાણા | ૯૦૦ | ૧૬૭૦ |
| કળથી | ૬૨૫ | ૬૨૫ |
| રાજમા | ૧૧૧૧ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૭૧૧ | ૧૦૮૨ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૨૮૦ |
| તલી | ૧૪૪૦ | ૧૯૫૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૮૨ |
| અજમો | ૮૦૦ | ૧૭૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૪ |
| સીંગફાડા | ૯૧૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૩૦૫૦ | ૪૧૦૦ |
| લસણ | ૩૮૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૩૧૧ | ૧૪૧૫ |
| ધાણી | ૧૩૫૧ | ૧૪૭૫ |
| વરીયાળી | ૯૦૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૪૦૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૫૦ |
| ઇસબગુલ | ૭૦૦ | ૧૪૨૫ |
| અશેરીયો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૬૧૫ |
| રાયડો | ૧૦૨૦ | ૧૨૩૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૮૫૫૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૬૧૭ | ૧૧૩૩ |
| પપૈયા | ૬૮ | ૧૧૪ |
| બટેટા | ૧૯૧ | ૪૮૭ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૬૦ |
| ટમેટા | ૩૧૮ | ૬૧૭ |
| સુરણ | ૮૩૭ | ૧૦૨૨ |
| કોથમરી | ૨૨૨૬ | ૩૦૧૮ |
| મુળા | ૨૦૬ | ૩૪૪ |
| રીંગણા | ૩૨૨ | ૭૬૩ |
| કોબીજ | ૧૪૩ | ૩૨૪ |
| ફ્લાવર | ૫૨૧ | ૬૫૮ |
| ભીંડો | ૪૫૩ | ૭૮૪ |
| ગુવાર | ૭૮૬ | ૧૬૪૩ |
| ચોળાસીંગ | ૪૪૧ | ૯૬૨ |
| વાલોળ | ૭૫૩ | ૧૦૨૫ |
| ટીંડોળા | ૬૧૮ | ૧૦૩૩ |
| દુધી | ૪૩૦ | ૫૨૪ |
| કારેલા | ૫૪૨ | ૬૨૩ |
| સરગવો | ૧૫૭૬ | ૨૦૩૩ |
| તુરીયા | ૬૦૩ | ૭૫૪ |
| પરવર | ૧૦૫૩ | ૧૨૨૬ |
| કાકડી | ૩૪૧ | ૭૨૩ |
| ગાજર | ૩૪૯ | ૫૪૬ |
| ગલકા | ૪૫૨ | ૭૨૩ |
| બીટ | ૩૬૬ | ૬૧૩ |
| મેથી | ૧૦૦૭ | ૧૨૨૯ |
| વાલ | ૮૦૭ | ૧૦૨૫ |
| ડુંગળી લીલી | ૨૬૮ | ૩૯૨ |
| આદુ | ૮૭૭ | ૧૩૧૪ |
| મરચા લીલા | ૩૪૮ | ૧૦૨૧ |
| હળદર લીલી | ૭૩૨ | ૧૦૧૯ |
| લસણ લીલું | ૧૦૫૪ | ૧૬૨૧ |
| મગફળી લીલી | ૪૭૮ | ૫૯૨ |
| મકાઇ લીલી | ૧૮૯ | ૨૭૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૭૩૧ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૬૦૮ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૨૦ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| એરંડા / એરંડી | ૮૫૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૪૮૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૫૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૧૦૦૧ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૬૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૪૧ |
| તુવેર | ૧૦૨૬ | ૧૩૩૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૨૦૧ |
| રાય | ૧૧૦૧ | ૧૪૦૧ |
| મેથી | ૫૦૧ | ૯૩૧ |
| કાંગ | ૨૩૧ | ૪૮૧ |
| ગુવાર બી | ૬૦૧ | ૬૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૦૧ |
| તલ - તલી | ૧૨૫૦ | ૧૯૪૧ |
| ઇસબગુલ | ૫૦૦ | ૧૩૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૮૧ |
| બાજરો | ૨૭૧ | ૪૦૧ |
| જુવાર | ૪૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૫૧ |
| મગ | ૧૨૨૬ | ૧૬૪૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૧૬ |
| વાલ | ૫૦૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૯૯૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૨૧ |
| ગોગળી | ૬૫૧ | ૮૦૧ |
| વટાણા | ૫૫૧ | ૧૮૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૭૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૮૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૩૬૦૦ | ૪૬૦૦ |
| શક્કરીયા | ૪૮૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૫૦ |
| લીલી હળદર | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૭૦૦ |
| ચૂણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| અલાવિપન | ૪ | ૧૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૨ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૧૮૦ | ૭૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૬૬૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૨૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૩૭ | ૧૦૦૭ |
| શિંગ ૬૬ | ૮૪૦ | ૮૪૦ |
| શિંગ ગીરનારી | ૭૯૫ | ૭૯૫ |
| શિંગ મોટી | ૬૦૦ | ૧૦૩૪ |
| શિંગ દાણા | ૬૮૦ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૦૪૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૪૫૦૦ |
| તલ કાશ્મીરી | ૨૧૭૦ | ૨૩૮૦ |
| બાજરો | ૩૦૬ | ૪૫૦ |
| જુવાર | ૫૦૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૯૦ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૯૧ |
| મકાઈ | ૨૬૬ | ૪૨૫ |
| મગ | ૧૧૨૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૦૩૦ | ૧૪૫૦ |
| ચણા | ૮૩૦ | ૧૦૮૫ |
| ચણા દેશી | ૧૧૪૫ | ૧૧૫૦ |
| સફેદ ચણા | ૮૫૦ | ૧૧૩૮ |
| તુવેર | ૭૧૦ | ૧૨૬૧ |
| કપાસ | ૮૩૦ | ૧૫૮૨ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૪૬ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૩૩૫ |
| રાયડો | ૧૦૭૫ | ૧૦૭૫ |
| રાઈ | ૧૩૦૦ | ૧૫૧૫ |
| ધાણા | ૧૧૬૦ | ૧૩૦૦ |
| મેથી | ૭૧૦ | ૮૧૫ |
| સોયાબીન | ૫૫૫ | ૮૧૯ |
| રજકાનુ બી | ૪૦૦૦ | ૮૧૦૦ |
| કાંગ | ૩૨૭ | ૩૨૭ |
| સુવાદાણા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૯૦૦ |
| કોબીઝ | ૧૦૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૬૨૦ | ૮૨૦ |
| ટમેટાં | ૪૦૦ | ૪૫૦ |
| સુરણ | ૭૦૦ | ૯૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૫૦ |
| દુધી | ૪૦૦ | ૬૦૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૫૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૪૦ | ૧૫૫૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાલીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૮૦૦ |
| આમળા | ૭૦૦ | ૮૦૦ |
| ભીડો | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૨૦ |
| કોથમીર | ૧૫૪૦ | ૨૫૫૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૮૦ | ૯૮૦ |
| બીટ | ૪૨૦ | ૬૨૦ |
| ચીભડા | ૫૫૦ | ૭૫૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૯૦૦ |
| મરચાં લાલ | ૨૦૦ | ૬૨૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૯૦૦ | ૧૩૦૦ |
| લસણ સુકુ | ૭૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૯૦ | ૩૨૦ |
| લીંબુ | ૫૦૦ | ૮૦૦ |
| પાલક | ૬૦૦ | ૮૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૯૯ | ૧૫૨૨ |
| કપાસ સી ગ્રેડી | ૯૦૦ | ૧૦૭૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૯૧ | ૧૪૫૨ |
| કપાસ કોડી | ૧૧૧૧ | ૧૧૫૭ |
| મગફળી | ૬૭૦ | ૮૮૦ |
| ઘંઉ | ૪૮૩ | ૪૯૧ |
| ચણા | ૯૯૦ | ૯૯૦ |
| અડદ | ૮૭૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૦૫ | ૭૮૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૬૦ |
| કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૨૦ |
| મગફળી | ૭૯૫ | ૯૦૫ |
| તલ સફેદ | ૧૪૩૪ | ૧૮૩૫ |
| તલ કાળા | ૨૪૩૫ | ૩૭૭૫ |
| જીરુ | ૨૯૯૫ | ૩૨૭૫ |
| ઘંઉ | ૪૭૨ | ૫૪૮ |
| અડદ | ૮૯૫ | ૧૧૯૫ |
| મગ | ૧૨૮૫ | ૧૪૭૫ |
| ચણા | ૯૮૫ | ૮૩૫ |
| સોયાબીન | ૭૮૫ | ૮૩૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૦૦ | ૧૦૭૧ |
| શીંગ મોટી | ૭૫૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૫૧ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | - | ૩૩૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૯ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૬ |
| બાજરો | ૩૨૫ | ૫૦૩ |
| અડદ | ૯૫૦ | ૧૩૦૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૯૫ |
| ધાણા | - | ૯૫૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૨ |
| ઘઉં લોકવન | ૩૫૧ | ૪૫૭ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૨ |
| અડદ | ૭૭૫ | ૧૦૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૯૭૦ | ૧૦૨૮ |
| શીંગદાણા | ૭૦૦ | ૧૦૩૫ |
| સોયાબીન | ૬૯૦ | ૭૮૦ |
| મગફળી | ૬૧૫ | ૭૬૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૭૦ |
| ધાણા | ૧૧૫૫ | ૧૨૫૫ |
| કાંગ | ૩૩૦ | ૩૩૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૪૫ | ૧૦૧૧ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૫૦ |
| તલ પીળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૪૫ |
| બાજરો | ૩૬૫ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૩૧ |
| જુવાર | ૪૪૦ | ૬૬૧ |
| મકાઈ | ૪૯૧ | ૫૬૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૭૦૧ | ૭૧૬ |
| રાય | ૧૩૦૧ | ૧૩૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૨૭૧ | ૧૫૭૬ |
| કપાસ કોડી | ૮૦૧ | ૧૨૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૫૪૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૭૫૧ | ૧૨૭૬ |
| મગફળી | ૬૦૧ | ૧૦૨૬ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૯૧૧ |
| ધાણા | ૧૦૫૧ | ૧૩૨૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૩૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૮૦૧ | ૧૫૬૧ |
| શીંગ ૩૯ | ૭૦૦ | ૧૦૩૪ |
| શીંગ ગીરનારી | ૭૯૮ | ૯૯૨ |
| શીંગ જી ૨૦ | ૭૩૧ | ૧૦૫૨ |
| જુવાર | ૪૦૦ | ૬૬૯ |
| બાજરી | ૩૮૧ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૩ |
| મકાઈ | ૩૮૯ | ૩૮૯ |
| અડદ | ૭૦૦ | ૧૩૩૦ |
| મગ | ૮૬૦ | ૧૨૯૦ |
| સોયબીન | ૬૦૨ | ૮૦૦ |
| ચણા | ૮૭૫ | ૧૦૬૩ |
| તલ સફેદ | ૧૨૨૦ | ૧૯૦૯ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૪૨૫ |
| ડુંગળી લાલ | ૬૩ | ૩૦૨ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૨૬૨ |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૫૫૦ |
| નાળીયેર | ૬૫૦ | ૩૨૦૬ |
| **કોડીનાર** | | |
| કપાસ (ડોળાસા) | ૯૫૧ | ૧૪૯૦ |
| મગફળી નવી | ૭૬૦ | ૧૧૬૯ |
| બાજરો | ૩૭૦ | ૫૧૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૬૦ |
| જુવાર | ૫૦૫ | ૭૪૮ |
| અડદ | ૭૦૦ | ૧૫૧૮ |
| મગ | ૧૩૦૦ | ૧૭૩૮ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૨ |
| તલ | ૧૨૦૦ | ૧૭૯૫ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૫૭૫ |
| સોયબીન | ૬૧૧ | ૮૪૦ |
| ડાગંર | ૭૫૦ | ૮૨૯ |
| રજકો | ૪૦૦૦ | ૭૮૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૨૦૦ | ૪૦૦ |
| બાજરો | ૨૯૦ | ૪૧૫ |
| ઘઉં | ૪૯૭ | ૫૪૮ |
| અડદ | ૯૦૦ | ૧૨૫૦ |
| ચોળી | ૫૫૦ | ૧૦૫૫ |
| વાલ | ૭૩૦ | ૯૦૫ |
| મેથી | ૮૦૦ | ૯૭૦ |
| મકાઈ | ૩૦૦ | ૫૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૨૪ |
| ચણા સફેદ | ૯૫૦ | ૧૧૨૪ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૦૦ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૮૧૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૪ |
| તલ | ૧૩૦૦ | ૧૮૮૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૮૨૫ |
| લસણ | ૫૨૫ | ૭૮૦ |
| કપાસ | ૯૦૦ | ૧૬૨૫ |
| જીરૂ | ૨૧૨૦ | ૩૪૬૦ |
| અજમો | ૯૦૦ | ૨૭૧૦ |
| ધાણા | ૯૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૭૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |



લાગે તો તીર : - બકાએ શેરીમાં મોટેથી બૂમ પાડી 06

# બિહારની ચૂંટણી, નીતિશ ટકશે ખરા ?



બિહારમાં ચૂંટણી જાહેર થઈ ગઈ. કેન્દ્રીય ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે, બિહારની ચૂંટણી બે તબક્કામાં થશે. પહેલા તબક્કામાં ૬ નવેમ્બરે અને બીજા તબક્કામાં ૧૧ નવેમ્બરે મતદાન થશે જ્યારે ૧૪ નવેમ્બરે બિહાર વિધાનસભાની તમામ ૨૪૩ બેઠકો માટે મત ગણતરી થશે. ૧૬ નવેમ્બર સુધીમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી થશે અને બિહારમાં પાંચ વર્ષ માટે ફરી કોણ રાજ કરશે એ નક્કી થઈ જશે.

બિહાર દેશમાં સૌથી મોટા રાજ્યોમાં એક છે અને દેશના રાજકારણમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે તેથી સમગ્ર દેશની નજર બિહારની ચૂંટણી પર છે. દેશના બે મુખ્ય રાજકીય પક્ષો કોંગ્રેસ અને ભાજપ માટે તો બિહારની ચૂંટણી મહત્વની છે જ પણ બીજા ઘણા માટે પણ મહત્વની છે.

ભારતમાં ઉત્તર પ્રદેશ અને બિહારનું રાજકારણ પ્રાદેશિક પક્ષો તથા નાના નાના રાજકીય પક્ષો પર નિર્ભર છે તેથી બિહારમાં ઘણાની રાજકીય કારકિર્દી દાવ પર લાગેલી છે. નીતિશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ જેવા ભારતના રાજકારણમાં વિશિષ્ટ કહેવાય એવા પાત્રો માટે આ ચૂંટણી મહત્વની છે તો ચિરાગ પાસવાન, જીતનરામ માંઝી, ઉપેન્દ્ર કુશવાહા, મુકેશ સાહની, પશુપતિ પારસ સહિતના નાના નાના ખેલાડીઓની રાજકીય કારકિર્દી પણ દાવ પર છે પણ સૌની નજર નીતિશ અને ભાજપ પર છે.

■■■

બિહારમાં છેલ્લા ૨૦ વર્ષથી નીતિશ કુમારનો દબદબો છે.

નીતિશ ૨૦૦૫થી બિહારના મુખ્યમંત્રી છે. વચ્ચે જીતનરામ માંઝી સવા વરસ માટે મુખ્યમંત્રી બન્યા તેને બાદ કરતાં નીતિશ જ બિહારની ગાદી પર બેઠા છે. નીતિશને મુખ્યમંત્રીપદે લગભગ ૧૯ વર્ષ થઈ ગયા. નીતિશ કુમાર ભારે તિકડમબાજ છે તેથી કોઈ વાર ભાજપ તો કોઈ વાર લાલુ પ્રસાદ યાદવના ખોળામાં બેસીને સત્તા પર ટકી રહ્યા છે.

નીતિશ કુમારની પાર્ટીને અત્યાર સુધી એક જ વાર સ્પષ્ટ બહુમતી મળી છે પણ તડજોડમાં હોંશિયાર નીતિશ ગમે તે રીતે ગાદી પર બેસી જ જાય છે. છેલ્લે ૨૦૨૦ની ચૂંટણીમાં તો જેડીયુને ૪૩ બેઠકો જ મળી હતી પણ ભાજપ પાસે પોતાના જોરે સરકાર રચવા જેટલા ધારાસભ્યો નહોતા એટલે પરાણે નીતિશને મુખ્યમંત્રી બનાવવા પડ્યા હતા.

નીતિશની જેડીયુનું નામ મૂળ તો સમતા પાર્ટી હતું. જ્યોર્જ ફર્નાન્ડિઝે નીતિશ કુમાર સાથે મળીને ૧૯૯૪માં સમતા પાર્ટી બનાવેલી પણ નીતિશે ધીરે ધીરે તેના પર કબજો કરી લીધો. નીતિશે જેડીયુને અંગત પેઢી બનાવી દીધી છે અને તેમની સામે પડનારા બધાને પતાવી દીધા છે પણ ધીરે ધીરે તેમનો રાજકીય પ્રભાવ ઘટી રહ્યો હોવાનું દેખાય જ છે.

નીતિશની તબિયત અંગે પણ શંકા-કુશંકાઓ થયા કરે છે. નીતિશ સંપૂર્ણ સ્વસ્થ નથી એવા દાવા થાય છે. જાહેરમાં નીતિશ બધું ભૂલી જાય છે ને ક્યારેક ચિત્તભ્રમ થયો હોય એમ વિચિત્ર વર્તન કરવા લાગે છે. એક સમયે સુશાસન બાબુની છાપ ઉભી કરનારા નીતિશના શાસનમાં બિહાર બદલાયું નથી એ પ્રચાર પણ જોરશોરથી ચાલી રહ્યો છે.

આ માહોલમાં નીતિશ ટકી શકે છે કે ફેંકાઈ જાય છે એ જોવાનું છે. આ ચૂંટણી નીતિશના રાજકીય ભાવિનો ફેંસલો કરશે.

■■■

ભાજપ માટે પણ આ ચૂંટણી મહત્વની છે.

ભાજપ વરસોથી બિહારમાં એકલા હાથે સત્તા કબજે કરવા મથે છે પણ ફાવતો નથી કેમ કે બિહારમાં ભાજપ સ્પષ્ટ બહુમતી માટે જરૂરી ૧૨૨ બેઠકો પર પણ લડતો નથી. અલબત્ત આ વખતે ભાજપે ચૂંટણી નીતિશ સાથે મળીને લડવી પણ ચૂંટણી પછી નીતિશને કોરાણે મૂકીને સત્તા કબજે કરવાની વ્યૂહરચના બનાવી હોવાનું કહેવાય છે. ભાજપ આ માટે મહારાષ્ટ્ર ફોર્મ્યુલા અજમાવશે એવું કહેવાય છે.

શિવસેના ભાજપનો સૌથી જૂનો સાથી હતો પણ ભાજપે શિવસેનાનાં ફાડિયા કરીને મહારાષ્ટ્રમાં પોતાની સરકાર રચી છે. શિવસેનાએ ૧૯૯૦માં પહેલી વાર ભાજપ સાથે જોડાણ કર્યું ત્યારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં શિવસેના ૧૮૩ બેઠકો પર લડી હતી ને ૫૨ બેઠકો પર જીતી હતી. ભાજપે ૧૦૪માંથી ૪૨ બેઠકો જીતી હતી. ૧૯૯૫માં શિવસેનાને ૭૩ અને ભાજપને ૬૫ બેઠકો મળતાં બંનેની સરકાર રચાઈ હતી.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

શરૂઆતના વરસોમાં ભાજપ-શિવસેના જોડાણમાં શિવસેના મોટો ભાઈ હતો. શિવસેનાને જ વધારે બેઠકો મળતી પણ ધીરે ધીરે શિવસેના વધારે બેઠકો પર લડવા છતાં ઓછી બેઠકો પર જીતતી ને ભાજપ વધારે બેઠકો જીતવા માંડી તેથી ડખો થયો ને ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં શિવસેના ભાજપથી અલગ થઈને લડી હતી.

ભાજપે નરેન્દ્ર મોદીના કરિશ્મા અને સંગઠનની તાકાત પર ૧૨૨ બેઠકો જીતીને પોતાની સરકાર રચી હતી. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૦૬ બેઠકો જ્યારે શિવસેનાએ ૫૬ બેઠકો જીતી હતી. શિવસેનાએ મુખ્યમંત્રી પદ વહેંચવાની માગણી કરી પણ ભાજપ ના માનતાં ઉધ્ધવ ઠાકરેએ એનસીપી અને કોંગ્રેસ સાથે મહા-વિકાસ અઘાડી બનાવીને સરકાર બનાવી પણ ભાજપે એકનાથ શિંદે પાસે બળવો કરાવી દેતાં શિવસેના બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. ભાજપે ગમ ખાઈને પહેલાં શિંદેને મુખ્યમંત્રી બનાવ્યા પણ ૨૦૨૪ની ચૂંટણી પછી ભાજપ પાસે સત્તા છે.

બિહારમાં પણ ભાજપ ભવિષ્યમાં જેડીયુમાં ભંગાણ પડાવીને પોતાની સરકાર બનાવવાની વ્યૂહરચના અમલમાં મૂકશે એવું મનાય છે.

■■■

લાલુના પરિવાર માટે પણ બિહારની ચૂંટણી મહત્વની છે.

બિહારમાં છેલ્લા ત્રણ દાયકાથી લાલુ પ્રસાદ યાદવનો પરિવાર છવાયેલો છે. સમાજવાદની વાતો કરીને લોકોને ભોળવનારા લાલુ પ્રસાદે હળાહળ જ્ઞાતિવાદ અને ગુંડાગીરીના જોરે બિહારમાં પ્રભાવ ઉભો કર્યો છે. લાલુ પ્રસાદ ૧૯૯૦માં બિહારના મુખ્યમંત્રી બન્યા પછી સળંગ ૧૫ વર્ષ સુધી બિહારમાં એકચક્રી શાસન કર્યું અને બેફામ ભ્રષ્ટાચાર કરીને ઘર ભર્યું છે. ૧૯૯૦ના દાયકામાં બહુ ગાજેલા ઘાસચારા કૌભાંડમાં લાલુના પરિવારે અબજો રૂપિયા ઘરભેગા કરી દીધેલા.

૧૯૯૬માં આ પાપ છાપરે ચડીને પોકાર્યું પછી તેમણે બિહારની ગાદી છોડવી પડેલી પણ તેનાથી લાલુને કોઈ ફરક પડ્યો નહીં. લાલુ પોતે ઘરભેગા થયા તો પોતાની સાવ અભણ બૈરી રાબડી દેવીને ગાદી પર બેસાડીને બિહાર પર રાજ કરવા માંડેલું. આ રીતે તેમણે બીજાં આઠ વરસ ખેંચી કાઢેલા.

ભાજપ અને નીતિશ કુમારે બહુ મહેનત કરીને ૨૦૦૫માં આરજેડીને પરાજય આપ્યો પણ લાલુનું વર્ચસ્વ નથી તોડી શક્યા. લાલુએ કોંગ્રેસ સાથે ગોઠવણ કરી નાખેલી તેથી કેન્દ્રમાં રેલવે પ્રધાન બનેલા અને બેફામ ભ્રષ્ટાચાર કર્યો હતો. ૨૦૧૪માં ભાજપ સત્તામાં આવ્યો પછી લાલુ પરિવારનો દબદબો ઘટ્યો છતાં બે વાર તો નીતિશ સાથે મળીને લાલુની પાર્ટીએ સરકાર બનાવી છે અને લાલુના દીકરા તેજસ્વી યાદવને નાયબ મુખ્યમંત્રી બનાવ્યો છે.

અત્યારે લાલુના બે દીકરા તેજસ્વી યાદવ અને તેજ પ્રતાપ સામસામે છે. લાલુના સંતાનોમાં અંદરોઅંદર પણ ડખા છે પણ યાદવ અને મુસ્લિમ મતબેંક પર પ્રભાવના કારણે આરજેડીને અવગણી શકાય તેમ નથી. કોંગ્રેસ, મુકેશ સાહનીની વીઆઈપી, ડાબેરી પક્ષો સાથે મળીને તેજસ્વી નીતિશ-ભાજપને ટક્કર આપી રહ્યા છે અને સફળ થાય છે કે નહીં એ જોવાનું છે.

■■■

બિહારની ચૂંટણીમાં નવું પરિબળ પ્રશાંત કિશોર છે.

નરેન્દ્ર મોદી સહિત દેશના ઘણા નેતાઓને સત્તા સુધી પહોંચાડવાની વ્યૂહરચના ઘડી આપવાનો યશ જેમને અપાય છે એ પ્રશાંત કિશોર તેમની જનસુરાજ પાર્ટી સાથે બિહારના ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. પ્રશાંત કિશોરે છેલ્લા બે વર્ષમાં સમગ્ર બિહારનો પ્રવાસ કર્યો છે. પી.કે.એ બે વર્ષ સુધી જન સુરજ યાત્રા કાઢીને બિહારના મોટા ભાગનાં ગામોને આવરી લીધા હતા. પ્રશાંત કિશોરે જન સુરાજ યાત્રા દરમિયાન બિહારની દુર્દશાને મુદ્દો બનાવ્યો હતો અને આ મુદ્દો તેમને ફળે છે કે નહીં એ જોવાનું છે.

બિહારમાં વરસ પહેલાં લાગંજ, રામગઢ, ઈમામગંજ (અનામત) અને તારારી બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ તેમાં પી.કે.ની પાર્ટીએ બે બેઠકો પર સારો દેખાવ કરેલો. વિધાનસભાની ચૂંટણીમાં પી.કે.ની પાર્ટી વીસેક બેઠકો જીતશે એવી આગાહી થઈ રહી છે. બિહારમાં વરસોથી જામેલો પાસવાન પરિવાર, માંઝી કે કોંગ્રેસ પણ વિધાનસભામાં ૨૦ બેઠકો નથી જીતતા એ જોતાં પહેલી ચૂંટણીમાં પી.કે. ૨૦ બેઠકો જીતી જાય તો કિંગ મેકર બની શકે છે.

■ sanjogpurti@gmail.com

# કૃપયા પોલીસ ધ્યાન દે...!



પોલીસ શા માટે વાસ્તવિક દારૂબંધી લાવી શકતી નથી?

પોલીસ ગુજરાતમાં વાસ્તવિક દારૂબંધી આટલા વર્ષોમાં અમલી બનાવી શકી નથી તેના પોલીસ દ્વારા લેવાતા હપ્તા સહિતના અનેક કારણો છે. ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી પકડાયેલ આરોપીને દારુ આપી જનારનું નામ ખોલાવીને તેની સામે પણ ગુનો દાખલ થાય છે. એટલે ઉપલી સપાટી ઉપર આપણને એમ લાગે કે પોલીસ દારૂના કેસમાં ઊંડા ઉતરીને તેમાં જે જે કોઈ સંડોવાયેલા છે તેના સુધી પહોંચે છે અથવા પહોચવા માગે છે. પરંતુ પોલીસના પ્રોહિબીશનલ ડ્રામાનું આ એક ફિલ્મી સ્ટાઈલનું રૂપ છે. એટલે કે આ કેસમાં પોલીસ બંને આરોપીને પકડીને જામીન-બામીન વિધિ કે ''જે કંઈ થતી હોય તે'' વિધિ કરીને ''જય ભારત'' કરી નાખશે. વાસ્તવમાં આવા કેસમાં આરોપીની કોલમમાં તપાસના કામે જેના નામ ખૂલે તે તમામ સામે એફઆઈઆર થવી જોઈએ. એટલે કે સુનિલને દારૂ આપી જનાર નાગા'જણ' સામે તો FIR થાય છે પરંતુ નાગાજણને પણ કોઈ આપી ગયું છે તેનું શું? અને તેને આપી જનારને પણ કોઈ આપી ગયું છે તેનું શું? અને તે આપી જનારના આપી જનારના આપી જનારને પણ કોઈ આપી જનારું છે તથા તેને આપી જનાર નાગા'જણ' પણ કોઈ છે. પોલીસે તમામ આપી જનારાઓના આપી જનારાઓ સુધી પહોંચવું જોઈએ કારણકે પાઘડીનો વળ છેડે જે જગ્યાએ આવ્યો છે તે વળ તમામ આપી જનારાઓને આપી જનાર કોઈ એક વ્યક્તિ સુધી પહોંચે છે અને પોલીસે આ ગુનાના કામે ત્યાં સુધી પહોંચવું જોઈએ તો જ સાચી અને સાયન્ટિફિક તપાસ થઈ ગણાય.

ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

બાકી તો દારૂના કેસમાં તપાસના નામે બોંતેર જાતનાં ડિંડક ચાલે છે. તોંતેર જાતના તીકડમ ચાલે છે. દારૂબંધી ખરેખર આવી જાય તો અમુક પોલીસ અધિકારીઓની સાઈડ ઈન્કમનું શું? પોલીસમાં સારા અધિકારીઓ આવે છે પણ તેની નીચેના હપ્તાખાઉં અધિકારીઓ એ પ્રમાણિક અધિકારીઓને પણ ઉલ્લુ-ગુલ્લુ બનાવે છે. એટલે જ ગુજરાતમાં હવે બહુ મોટો વર્ગ એવું માને છે કે પોલીસને જો ખરેખર દારૂબંધી અમલમાં લાવવી જ ન હોય તો પછી દારૂબંધી હટાવી દો. સરકારને કાયદેસર ઈન્કમ આવતી તો થાય. ચોરીછૂપીથી લોકો દારૂ પીવે છે તેના કારણે અવારનવાર થતા લઠ્ઠાકાંડ પણ બંધ થાય અને લોકો ચોખ્ખો દારૂ પીતા પણ થાય. દારૂની છૂટ મળી જવાથી ગુજરાતમાં અરાજકતા ફેલાઈ જશે અને દારૂડિયાઓ ગામ આખાને અને સમાજ આખાને માથે લેશે એવું માનવું પણ ભૂલભરેલું છે. ઊલટાનું દારૂનો મેળ પડતાની સાથે જ અમુક લોકો દારૂ ક્યારેય જોયો જ ન હોય એ રીતે પીને ચિક્કાર થતા અટકી જશે. અત્યારે દારૂનો મેળ પડતાની સાથે જ અમુક ગુજરાતીઓ ઢમઢોલ થઈ જાય છે. દારૂની છૂટ હોય તો આ લોકો માપમાં રહેવાનું શીખે. અને માપમાં રહે તો એમના આરોગ્યને અને સમાજને ફાયદો થાય.

કાં દારૂબંધી હટવી જોઈએ અને કાં તેનો સો ટકા અમલ થવો જોઈએ.

પણ એક વાત નક્કી છે કે ગુજરાતમાં જ્યાં સુધી દારૂબંધી છે ત્યાં સુધી પોલીસ દારૂના દુષણને નષ્ટ નહીં કરી શકે. અને જો દારૂબંધી હટી જશે તો અમુક લોકોને દારૂમાંથી રસ પણ હટી જશે. કારણ કે દારૂની છૂટ મળવાની સાથે જ અમુક લોકોને દારૂ પીવાનો રોમાંચ દારૂબંધીના કારણે મળે છે તે ખતમ થઈ જશે. અમુક લોકોને દારૂથી નશો નથી ચડતો પણ દારૂબંધી હોવા છતાં પોતે પી શકે છે એ વાત નશો છે. ■

naranbaraiya277@gmail.com

# ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઇ વિશ્વકર્મા...



વિનોબા ભાવેએ કહ્યું છે કે, ''સેવા હી ઉપાસના હૈ'' ભારતીય જનતા પાર્ટીના ભીષ્મપિતા અટલ બિહારી બાજપાઈના કરકમલથી પાર્ટી દેશમાં વિકાસના માર્ગે પ્રગતિ કરી રહી છે. હાલના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ નીચે પાર્ટી વધુ ઊંચાઈ પ્રાપ્ત કરી રહી છે. તેમના વિકાસ માર્ગે ગુજરાતમાં ઘણા વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. ભારતીય જનતા પાર્ટીમાં અનુશાસન અને બંધારણ છે. સી.આર. પાટીલ સાહેબ પછી ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે કોણ ધુરા સંભાળે તે માટે નામાંકન કરવા માટે મોવડી મંચ દ્વારા જગદીશભાઈ વિશ્વકર્મા સાહેબે માત્ર એક જ ફોર્મ ભરીને તેમને ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

જગદીશભાઈ વિશ્વકર્મા ગ્રાઉન્ડ લેવલના કાર્યકરથી વિશ્વની સૌથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા છે. વિશ્વકર્મા સાહેબની નૈતિકતા, સ્પષ્ટ પ્રતિભા, સૌને સાથે રાખીને કાર્ય કરવાની કુશળતા તેમજ પક્ષને વફાદાર રહી જનતાના પ્રશ્નોને વાચા આપતા ધારાસભ્ય અને મંત્રી રહ્યા છે. પ્રદેશ પ્રમુખ તરીકે પંચાયત માંડીને પાર્લામેન્ટની તમામ ચૂંટણીમાં બારીક અને માઈક્રો પ્લાનિંગથી પક્ષની જીત થાય તે માટે આયોજન અને અમલીકરણ કરવાનું હોય છે. આવા સમયે પ્રદેશ પ્રમુખ તરીકે કદાવર અને બાહોશ વ્યક્તિ જગદીશભાઈ વિશ્વકર્મા યોગ્ય રાજકીય વ્યક્તિ છે.



સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

વર્ષ ૧૯૯૮માં તેઓ અમદાવાદના ઠક્કરબાપાનગરમાં બૂથ પ્રભારી બન્યા હતા. ત્યાર પછી ૨૦૧૩માં ભાજપમાં ગુજરાત ઉદ્યોગ સેલના સંયોજક બન્યા હતા. તેઓ અમદાવાદ ભાજપના પ્રમુખ પણ હતા. એ સમયે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ભાજપને હાઈએસ્ટ સીટ જીતાડવાનું ભગીરથ કાર્ય કર્યું. તેમનું વ્યક્તિત્વ કાર્યકરો અને પ્રજા સાથે જોડાયેલું રહ્યુ. વર્ષ ૨૦૧૨માં તેઓ પહેલી વખત નિકોલની બેઠક પર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ૨૦૧૭માં તેઓ ફરીથી આ બેઠક પર ચૂંટણી લડ્યા અને જીત્યા હતા. હાલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં જગદીશ વિશ્વકર્મા (પંચાલ) રાજ્યકક્ષાના મંત્રી છે. તેમની પાસે સહકાર, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, કુટીર, ખાદી, ગ્રામ્ય ઉદ્યોગ, નમક ઉદ્યોગ જેવા વિભાગો છે. તેમના મંત્રી તરીકેના સમયગાળામાં સરકારની વિવિધ યોજનાઓ આમ પ્રજા સુધી પહોંચે તેવા ભગીરથ કાર્યો કર્યા છે. તેમની સ્વચ્છ પ્રતિભા નીખરી રહી છે.

આ ઉપરાંત તેઓ મુદ્રણ અને સ્ટેશનરીનો સ્વતંત્ર હવાલો સંભાળે છે. તેઓ ઉદ્યોગ, માર્ગ અને મકાન તથા વન અને પર્યાવરણ મંત્રાલયના સહાયકમંત્રી પદે પણ છે. અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન જગદીશ વિશ્વકર્માએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન, માર્ગ અને મકાન, મીઠા ઉદ્યોગ, મુદ્રણ અને સ્ટેશનરી અને પ્રોટોકોલ વિભાગોનો હવાલો સંભાળ્યો હતો.

આ વર્ષે ફેબ્રુઆરીમાં ગુજરાત સરકારે કેટલીક જગ્યાએ કથિત ગેરકાયદે બાંધકામો તોડયા હતા ત્યારે જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે ''અમદાવાદ, દ્વારકા અને સોમનાથમાં ચોક્કસ સમુદાયના લોકો ગેરકાયદે બાંધકામો અને દબાણ કરવા માટે જવાબદાર છે.'' જગદીશ વિશ્વકર્મા રાષ્ટ્રસેવાને પ્રાધાન્ય આપે છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ભાજપના જે પ્રદેશ પ્રમુખો આવ્યા તેમાં શંકરસિંહ વાઘેલા સૌથી વધુ આઠ વર્ષ સુધી પ્રમુખ રહ્યા હતા. અન્ય આગેવાનોમાં રાજેન્દ્રસિંહ રાણા સાત વર્ષ, રણછોડભાઈ ફળદુ ૬ વર્ષ અને ૧૮ દિવસ સુધી પ્રદેશ પ્રમુખ હતા. સી.આર. પાટીલ પાંચ વર્ષ અને બે મહિના કરતાં વધુ સમયથી આ હોદ્દા પર હતા. તેમનો કાર્યકાળ ૨૦૨૩માં પૂરો થયો હતો, પરંતુ બે વખત તેમની મુદત લંબાવવામાં આવી હતી. જગદીશ વિશ્વકર્માએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી વખતે જે ઍફિડેવિટ ફાઈલ કરી હતી તે પ્રમાણે તેમની સામે કોઈ એફઆઈઆર કે કોર્ટ કેસ નથી. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી એસવાયબીએ સુધી અભ્યાસ કર્યો છે.

ત્રીજી ઑક્ટોબરે પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાના હતા, જેમાં એકમાત્ર જગદીશ વિશ્વકર્મા (પંચાલ)એ ઉમેદવારી નોંધાવી હતી. આથી તેમની પ્રમુખ પદે પસંદગી થઈ છે. વર્ષ ૧૯૭૩માં જન્મેલા જગદીશ વિશ્વકર્મા અમદાવાદમાં નિકોલના ધારાસભ્ય છે અને લાંબા સમયથી ભાજપ સાથે જોડાયેલા છે. તેઓ અન્ય પછાત વર્ગ (ઓબીસી)માંથી આવે છે જે સૂચક ગણવામાં આવે છે, કારણ કે આગામી ચૂંટણીઓમાં ઓબીસી મત નિર્ણાયક સાબિત થાય તેમ છે. ગુજરાત ભાજપે ગુરુવારે પોતાના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય કાઉન્સિલના સભ્યોની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. રસ ધરાવતા ઉમેદવારોએ શુક્રવારે બપોરના બે વાગ્યા સુધીમાં પોતાના ઉમેદવારીપત્રો ગાંધીનગર સ્થિત હેડક્વાર્ટરમાં જમા કરાવવાના હતા. તેમાં માત્ર જગદીશ વિશ્વકર્માએ ઉમેદવારી નોંધાવી હતી. પક્ષ દ્વારા તેમની નિયુક્તિ કરવામાં આવી છે. જગદીશભાઈ વિશ્વકર્મા સાહેબ સ્વયં પોતે કારપેન્ટર છે. દેશની વિવિધ યોજના થકી વિકાસના માર્ગે ભારતીય જનતા પાર્ટીને ઊંચાઈ અપાવશે તેવા અભિગમથી તેમની નિયુક્તિ થઈ છે ત્યારે તેમને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવીએ છીએ. રાજ્ય સરકારમાં આપ પ્રદેશ પ્રમુખ તરીકે જનતા જનાર્દન બનીને સિદ્ધિ પ્રાપ્ત કરો તેવી અંતરની શુભેચ્છા.. વંદે માતરમ ભારત... માતાકી જય.. ■ 

Mo.9825702282

# આરોગ્ય માટે અત્યંત લાભદાયક – જામફળ



જામફળ (Guava) એક લોકપ્રિય ફળ છે જે આરોગ્ય માટે અત્યંત લાભદાયક છે. જામફળ (Guava)ને ''ગરીબોનું સફરજન'' કહેવાય છે કારણ કે તેની ખેતી ઓછી કિંમતમાં થઈ શકે છે અને આરોગ્ય માટે ખૂબ લાભદાયી છે. ચાલો હવે જામફળની ખેતી વિશે વિગતવાર જાણીએ:

પરિચય :- ● વૈજ્ઞાનિક નામ: Psidium guajava

● કુળ: Myrtaceae

● મૂળ: મધ્ય અમેરિકામાં ઉદ્ભવેલ, પરંતુ હવે સમગ્ર વિશ્વમાં ઉગાડાય છે.

● ભારતમાં તેને સામાન્ય રીતે ''જામફળ'' અથવા ''પેરુ'' તરીકે ઓળખાય છે.

હવામાન

● જામફળ એક ઉષ્ણકટિબંધ (tropical) અને ઉપઉષ્ણકટિબંધ (sub-tropical) ફળ છે.

● તાપમાન: ૧૫°C થી ૩૫°C શ્રેષ્ઠ.

● વધારે ઠંડી (0°Cની આસપાસ) અને વધારે ગરમી (40°C+) ફળ માટે હાનિકારક.

● વરસાદ: ૧૦૦૦ મીમી જેટલો વરસાદ સારો.

જમીન

● જામફળ વિવિધ પ્રકારની જમીનમાં ઉગી શકે છે.

● વાળિયાળી-લોઈમી જમીન (sandy loam) શ્રેષ્ઠ માનવામાં આવે છે.

● pH: ૬.૫ થી ૭.૫ યોગ્ય.

● પાણી ભરાઈ રહેતી જમીન બિલકુલ ટાળવી.

ઝાડનું વર્ણન :- ● જામફળનું ઝાડ નાના થી મધ્યમ કદનું હોય છે.

● પાન ગાઢ લીલા, અંડાકાર અને સુગંધિત હોય છે.

● ફળ ગોળ કે અંડાકાર, લીલા રંગનું હોય છે, અંદર ગુલાબી, સફેદ કે લાલ ગૂદું ધરાવે છે.

● બી નાના, કઠણ અને ખાવામાં મજેદાર હોય છે.

જાતો (Varieties)

ભારતમાં લોકપ્રિય જાતો:

● લખનૌ ૪૯ (સદા) મીઠું, સુગંધિત, બજારમાં લોકપ્રિય.

● અલાહાબાદ સફેદ જાડું ગૂદું, મીઠું.

● અલાહાબાદ સુરખા અંદરથી લાલ ગૂદું, આકર્ષક.

● ભાવનગર કલેક્શન, ધોળકા જાતો (ગુજરાતમાં)

● આર્કા અમુલ્ય, આર્કા કિરણ, લલિત હાઈબ્રિડ જાતો.

રોપણી

● જામફળનો છોડ સામાન્ય રીતે કલમ કે ગૂટલીથી ઉગાડવામાં આવે છે.

● રોપણીનો સમય: જુલાઈ-સપ્ટેમ્બર (ચોમાસા બાદ) અથવા ફેબ્રુઆરી-માર્ચ.

● અંતર: ૬ મી x ૬ મી (લગભગ ૧૧૨ છોડ પ્રતિ હેક્ટર).

● ખાડા: ૬૦x૬૦x૬૦ સેમી ખાડામાં સારૂં સડી ગયેલું ખાતર (૧૦-૧૫ કિગ્રા) નાખવું.

સિંચાઈ

● જામફળ સુકાંને સહન કરી શકે છે, પરંતુ નિયમિત સિંચાઈ ઉત્પાદન વધારે આપે છે.

● ૧૫ દિવસના અંતરે સિંચાઈ કરવી.

● ફળ આવવાની સિઝનમાં (સપ્ટેમ્બર-નવેમ્બર, ફેબ્રુઆરી-એપ્રિલ) ખાસ ધ્યાન રાખવું.

ખાતર વ્યવસ્થા: એક છોડને દર વર્ષે:

● ગાયનું સડેલું ખાતર (FYM): ૨૦-૨૫ કિગ્રા

● યુરિયા: ૩૦૦ ગ્રામ

● સુપર ફોસ્ફેટ: ૨૫૦ ગ્રામ

● મ્યુરેટ ઓફ પોટાશ: ૨૦૦ ગ્રામ ૨-૩ હપ્તામાં વહેંચીને આપવું.

રોગ અને જીવાત

● માખી (fruit fly) - ફળ સડી જાય છે. (કેચિંગ ટ્રેપ, સફાઈ, કાર્બારિલ દવા).

● વિલ્ટ રોગ - મૂળ સડવાથી ઝાડ સુકાય. (ટ્રાઈકોટોડર્મા, સડેલા છોડ કાઢી નાખવા).

● પાનના દાગ - તાંબાની દવાઓ છાંટવી.

ફળ આવવાની સિઝન


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

● રોપણી બાદ ૨-૩ વર્ષમાં ફળ આપવાનું શરૂ કરે છે.

● મુખ્ય સિઝન:

● ભાદરવી (Aug–Sept)

● અંબાવળી (Feb–Mar)

● યોગ્ય છાંટણી કરવાથી વર્ષમાં ૨-૩ પાક મળી શકે છે.

hemangidmehta@gmail.com

# બકાએ શેરીમાં મોટેથી બૂમ પાડી



'એ..બાયુ..બેનડીયુ..માસીબા. ફાટેલાં તૂટેલાં, ડાઘાં વાળા, સિલાઈ વગરના કપડાં હોય તો કાઢજો. તમારી ખૂબ મહેરબાની થાહે. '

બકાએ શેરીમાં મોટેથી બૂમ પાડી. હાદનો નરવો એટલે, ઘરમાં બેઠેલાં, પરસાળમાં બેઠેલાં, કે અંદરનાં ઓરડામાં આરામ કરી રહેલાં સૌએ આ નરવો હાદ હાંભળ્યો.

બોસ અને બેરાલાલે પણ આ હાદ હાંભળયો. 'માળો, લાગે છે તો બકો. પણ, ખેડુનો દીકરો ભીખ માંગવા પર આવી ગયો? ભલે જણસ પાકી નથી. અને પાકી છે, એનો ભાવ તળિયે બેઠો છે. પણ, ખેડુનો દીકરો ભીખ તો નો જ માંગે.' બોસને ચિંતા થઈ.

'એ..એ..ભાઈ, આ..આ.., લેતો જા.'

એક મોટી ઉંમરના માસીએ સાદ આપ્યો.

બકો તરત જ પાછો વળીને રાજી રાજી થતાં ગયો.

'અરે..રે..! માસીબા, મારે મારાં માટે કપડાં નથી જોતાં. હું તો.., હું તો..'


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

'સમજી ગઈ દીકરા, તું સેવા કરે છે. બીજાં માટે કપડાં ઉઘરાવે છે, એમ જ ને.!? આ તો બહું સારી વાત કહેવાય. આજકાલ આવી સેવા કોણ કરે છે? તું.. તું..તું તારે ઊભો રહે. હમણાં જ બીજાં બે ચાર જોડી કપડાં વધારાનાં લઈ આવું છું. અમથા 'ય મારે વાસણ વાળાને દેવા 'તા, તને આપી દઉં. વાસણ વાળો બહું બહું તો બે ઠામડા આપશે. અને તું તો કેવડી મોટી સેવા કરે છે. ગામડે -ગામડે અને શેરી શેરીમાંથી કપડાં ઉઘરાવીને કોઈ જરૂરીયાતમંદને આપવા આનાંથી મોટી સેવા બીજી કઈ હોય?'

'ના ના ના માસીબા, તમે હમજયા નહીં. મારાં માટે એટલે ? જોઈએ છે, મારે જ. પણ મારે નથી પેરવા. આદમી માટે નથી જોતાં, બાયુ માટે જોઈએ છે. અને બાયુના કપડાં જોઈએ છે.'

'હું ય મૂઈ ગાંડી, હમજી જ ના શકી. આજકાલ આદમી 'ય બાયુના કપડાં પહેરીને ટી.વી.માં નથી આવતાં? કાંઈ વાંધો નહીં તમ તમારે. લાવ આ તારાં કાકાનાં કપડાં. અને હવે આપીશ આ તારી કાકીનાં કપડાં. હવે તો વાંધો નથી ને !?? હવે કાંઈક નવું ના કાઢતો.'

'એ..એ..ભાઈ, ઉભા રહો, ઉભા રહો.'

'સંજોગ ન્યૂઝ'ના એક વાચકે બૂમ પાડી.

'કેમ..અલી..! તું આ ભીખારીને ઓળખે છે?' 'માસી, આ ભીખારી નથી. (બકા સામે જોઈને) ભાઈ ! તમે દર બુધવારે 'સંજોગ ન્યૂઝ'ની :ઉત્સવ પૂર્તિ 'માં 'લાગે તો તીર..'માં આવો છો ને ?'

'હા, તમારી વાત હાચી છે. હું દર બુધવારે ત્યાં હોવ છું.'

'તો પછી, 'સંજોગ ન્યૂઝ'માં નો ફાવ્યું? કે પગાર ઓછો પડ્યો ? કે..પછી કાઢી મૂકવામાં આવ્યાં?? ભીખ માંગવાનો વારો તો તો જ આવે.'

'બકાનું નાનકડું મોઢું વધારે નાનું થઈ ગયું. શું જવાબ આપવો ઈ મથામણ હાલતી હતી. ત્યાં માસીબા ઢગલો એક બાયુના કપડા લયને આવ્યાં.

'લે ભયલા, તું તારે જે હારા લાગે ઈ લય લે. તારે તો સેવા જ કરવી છે. પછી શું. હારી બાયુને દાન કરજે. એટલે એમની 'ય દિવાળી સુધરી જાય. તું તારે મારું નામ નો આપીશ તોય હાલશે. ઉપરવાળો તો હંધૂય નોંધતો જ હોય છે.'

'માસીબા તમારી લાગણી હું હમજુ છું. પણ !!'

'હજી હું, પણ ને પણ !?? 'માંગીને ખાવું ને માન ખાવું.'

તું તો ભાઈ ભારે મોટો ઉંચા માંયલો ભીખારી. જૂઓ..જૂઓ.., આજકાલનાં નવાં નવાં ભીખારીના નખરાં તો જૂઓ.!!' 'માસીબા..! તમે પુરું હમજયા નહીં. બાયુ માણહના કપડાં એટલે નાની નાની બાયુના કપડાં. આમ મોટી બાયુના કપડાં નથી જોતાં.'

'તંઈ ઈમ મોઢામાંથી ફાટને કે છોકરીયુંના કપડાં જોઈએ છે. તે તો મારાં મનની વાત કહી દીધી. અમારી છોકરીયુંએ હારા હારા કપડાં કાઢી નાંખ્યા છે. તું ઊભો રહે. હમણાં જ લાવી.' બકો કાંઈ ચોખવટ કરે ઈ પેલાં તો માસીબા ઘરમાં ઘૂસી ગયાં. ફરી વાચકને વાત કરવાનો મોકો મળી ગયો.

'બકા ભાઈ, તમારી જગ્યાએ 'સંજોગ ન્યૂઝ' વાળાને કોઈ લેખક બેખકની જરૂર હોય તો કહેજો હોં. મારી ઈચ્છા છે, લખવાની. તમ તમારે કાંઈ નહીં આપે તોય ચાલશે. આપણે તો બસ ! છાપાંમાં આવવું છે.' 'એ..એ..આ..લ્લે લે. હવે નવી રોન નો કાઢતો.'

માસીબા એ ફરી કપડાંનો ઢગલો કર્યો. બકાએ ફેરવી ફેરવીને જોયાં, નાનકડું મોઢું છીયાં વીયાં થયું. હજી તો માસીબાની સામે જોયું ના જોયું. માસીબા હમજી ગયાં. હજી કાંઈક લોચો છે. હજી કાંઈક કાચું કપાણું છે. પણ શું?

'ભયલાં, આ કપડાં 'ય નથી હાલે એમ ? નવાં નક્કોર જોઈએ છે?? તું એકવાર મોંઢામાંથી બોલ. ' 'મારી મા હું ભીખારી નથી. અને મારે નવાં કપડાં 'ય જોતાં નથી.'

'તો પછી, તે શેરીમાં બૂમ કેમ પાડી ? '

'હા, મેં બૂમ પાડી. પણ, મારે હાજા કપડાં નહીં! ફાટેલાં -તૂટેલાં કપડાં જોઈએ છે.''

ફરી વાચકને ટ્યુબ લાઈટ થઈ..

'અચ્છા.. અચ્છા, તમે તો ફોટા હારે લખવાવાળા લેખક છો. હા હા માસી, તમે ઉપરનો ફોટો જૂઓ. કોઈ મોટાં ઘરની છીછરી છોકરી છે. એની કાંઈક વાત લાગે છે. હેં..ને, હેં..ને !!?' 'સહી પકડે હેં..! આ બીજું કોઈ નહીં પણ, એક પ્રખ્યાત નામ એટલે 'હુમા કુરેશી. 'આ ઓરીજનલ 'હુમા કુરેશી' છે. અને એમણે જે ટી- શર્ટ (આપણે પોતું મારવાનો ગાભો' ય હારો વાપરીએ છીએ) પહેર્યું છે, એની કિંમત છે રૂપિયા ૬૫૦૦૦/- હજાર પુરા. 'હા ભાઈ ! એ તો એવું માંગે છે, અને મળશે પણ ખરું. પણ, તમે ફાટેલાં તૂટેલાં કપડાં કેમ માંગો છો ??' જૂઓ, આ વર્ષે શીંગ પલળી ગઈ. કપાસમાં ઉતારો નથી. અને હંધાયના ભાવ હાવ તળિયે બેઠાં છે. એટલે મને થયું નવો ધંધો કરું. ફાટેલાં કપડાં સસ્તા લઈને મોંઘા ભાવે વેચીશું. હુમા કુરેશી જેવી કેટ- કેટલીય મળી જાહે.

kalubhaibhad123@gmail.com

# ચાલો રાવણનાં મંદિરોના દર્શને...

દશેરા એ માત્ર રાવણદહનની પરંપરા નથી. તો દિવાળી ભલે રામના વિજયનું પર્વ હોય પરંતુ આ બધામાં રાવણની શક્તિ-ભક્તિને ભૂલવા જેવી નથી. રાવણનું જીવન પણ તમને એ શીખ આપે છે કે, જ્ઞાન-શક્તિ-ભક્તિનો ગર્વ જો અહંકારમાં ફેરવાશે તો પતન થશે. રાવણની જ્ઞાની-ભક્તિમય છબીમાંથી પણ પ્રેરણા મળે છે. આજની પેઢી રાવણના સદગુણોથી પ્રેરિત થઈ છે, ત્યારે વિવિધ રાજ્યનાં રાવણનાં મંદિરો, જ્યાં તેમની પૂજા થાય છે. એવાં રાવણનાં મંદિરોની સફર કરીએ...

- મંદસૌર : રાવણની ૪૧ ફુટ ઊંચી પ્રતિમા ધરાવતું મંદસૌર રાવણની સાસરી છે. પત્ની મંદોદરી મધ્ય પ્રદેશના મંદસૌરની દીકરી હોય, લોકો રાવણને જમાઈ માને છે. અહીંના ખાનપુરામાં રાવણની નિત્ય પૂજા માટે અંદાજે ૪૧ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત છે. મંદસૌર પહેલાં દશપુરના નામે ઓળખાતું હતું. અહીં મહિલાઓ લાજ કાઢીને આવતી અને રાવણની પ્રતિમા પાસે જઈ લાજ કાઢી નાખતી. અહીંની માન્યતા છે કે, રાવણના જમણા પગમાં દોરો બાંધવાથી બીમારી દૂર થાય છે એટલે અહીં રાવણ બારેમાસ પૂજાય છે. કુદરતી પ્રકોપથી બચવા અને પરિવારની સુખ-શાંતિ માટે રાવણની પૂજા-અર્ચના કરાય છે. રાવણ વધ પહેલાં લોકો રાવણ સામે ઊભા રહી ક્ષમા માગે છે, તમે સીતાહરણ કર્યું એટલે રામ સેના તમારો વધ કરે છે. રાવણનાં દસ મોઢાં હોય, પરંતુ અહીં નવ મોઢાં છે. એક વખત બુદ્ધિ ભ્રષ્ટ થવાના ચિહ્ન તરીકે મુખ્ય મોઢાં પર ગધેડાનું મોઢું લગાવેલું છે. અહીંના લોકો રાવણની ટીકા કરતા નથી પણ પ્રકાંડ પંડિત, જ્ઞાની અને આયુર્વેદના આચાર્ય માને છે.



- મહેરાનગઢ : જોધપુરના મહેરાનગઢની તળેટીમાં રાવણ અને મંદોદરીનું મંદિર છે. અહીં રાવણ-મંદોદરીની જુદી-જુદી વિશાળ પ્રતિમા છે. બંનેને શિવપૂજા કરતાં દર્શાવ્યાં છે. પોતાને રાવણનો વંશજ માનતા ગોધા કુળ ગૌત્રના બ્રાહ્મણોએ આ મંદિર બનાવ્યું છે. વેદ-સંગીતના વિદ્યાર્થીઓ રાવણના આશીર્વાદ લેવા અહીં આવે છે. અહીં રાવણ-મંદોદરીનાં લગ્ન થયાં હતાં. રાવણના પૂર્વજો રાવણનાં લગ્ન વખતે અહીં આવી વસ્યા હતા. પહેલાં અહીં રાવણની છબીની પૂજા થતી, ૨૦૦૮માં આ મંદિરનું નિર્માણ થયું. રાવણના વંશજો અહીં રાવણ પૂજા કરી તેમના સારા ગુણ કેળવે છે. રાવણ મહાન સંગીતકાર (વીણાવાદક અને શિવતાંડવ સ્તોત્રના રચયિતા) તેમજ વેદોના જ્ઞાની મનાય છે.



- રાવણગામ : મધ્ય પ્રદેશના વિદિશાના રાવણગામમાં ૫૫૦ વર્ષ પ્રાચીન રાવણની સૂતેલી પ્રતિમા છે. જેને ઊભી કરવાની કોશિશ કરે તો કોઈ અપશુકન થાય એવું મનાય છે. કોઈ શુભ કાર્ય માટે રાવણબાબાના આશીર્વાદ લેવાય છે. દશાનન પરથી ગામનું નામ રાવણ રખાયું છે. ગામ લોકોનાં ઍક્ટિવા, ટુવ્હીલર, ટ્રેક્ટર કે ઘરની નેમપ્લેટ પર જય રાવણ, જય લંકેશ કે પછી રાવણ બાબા લખેલું જોવા મળે છે. રાવણ ગામમાં લંકાપતિ રાવણનું પ્રાચીન મંદિર છે. રાવણ કાન્યકુબ્જ કુળનો બ્રાહ્મણ હતો. ગામમાં આ કુળનો સમાજ વસે છે, જેઓ રાવણને બ્રાહ્મણ સમાજના કુળદેવતા માને છે. રાવણ વિદ્વાન બ્રાહ્મણ હતો. દશેરાએ અહીં વિશેષ પૂજા થાય છે. જેમ શુભ કાર્ય પહેલાં ગણેશની પૂજા-દર્શન કરીએ છીએ, તેમ અહીં લગ્ન જેવાં શુભ કાર્યમાં રાવણને પ્રથમ નિમંત્રણ અપાય છે. ગામના લોકો રામાયણનો પાઠ કરતાં પહેલાં પહેલું નિમંત્રણ રાવણબાબાને આપે છે.




પ્રવાસનામા
જયસ્વી પટેલ

- કાકીનાડા : આંધ્ર પ્રદેશમાં કાકીનાડામાં રાવણનું મંદિર આવેલું છે. અહીં બીચ નજીક આવેલું કુંભાભિષેકમ રાવણ મંદિર પ્રવાસીઓ માટે શ્રદ્ધા સાથે આકર્ષણનું કેન્દ્ર છે. આ મંદિર રાવણસુરા કે કુંભાભિષેકમ મંદિર તરીકે જાણીતું છે. અહીં રાવણને માત્ર રામના શત્રુ તરીકે નહીં પરંતુ એક મહાન શિવભક્ત, વિદ્વાન અને શક્તિશાળી રાજા તરીકે માન અપાય છે. લોકકથા કહે છે કે, રાવણે શિવઆરાધના માટે આ સ્થળને પસંદ કર્યું હતું અને અહીં એક વિશાળ શિવલિંગની સ્થાપના પણ કરી હતી. મંદિરની દીવાલો પર દશમુખી રાવણની મૂર્તિ તેની ભક્તિ અને વિદ્વત્તાને દર્શાવે છે. દશેરાના દિવસે અહીં રાવણદહન નથી થતું, અહીંના લોકો રાવણને અપમાનિત કરવાનું ટાળે છે. કાકીનાડામાં દશેરા કંઈક અલગ રીતે મનાવાય છે. રાવણને શ્રદ્ધાંજલિ આપી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરાય છે. આ પરંપરાથી પ્રતીત થાય છે કે, ભારતીય પુરાણોમાં ખલનાયક તરીકે ઓળખાતું પાત્ર કેટલાંક સ્થળોઓ આદર અને પૂજાનું રૂપ પણ છે. મંદિર બીચ નજીક હોવાથી પ્રવાસીઓમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બનેલું છે.



sanjogpurti@gmail.com

# સિંહ અને સસલું






એક મોટા જંગલમાં 'કિંગ' નામનો એક સિંહ રહેતો હતો. કિંગ માત્ર શક્તિશાળી જ નહીં, પણ પૂરેપૂરો ટેક્નોસેવી હતો. હવે તે ટેકનોલોજીનો ઉપયોગ કરી આખાય જંગલ અને શિકાર પર નજર રાખતો હતો. તે જંગલમાં શિકાર કરવાને બદલે, તેની ગુફામાં બેસીને મોટા સ્ક્રીનવાળા ટેબ્લેટ પર જંગલનાં પ્રાણીઓ પર નજર રાખતો હતો.

કિંગે જંગલના અલગ-અલગ ખૂણાઓમાં વાઈલ્ડલાઈફ કૅમેરા ગોઠવ્યા હતા. જેની મદદથી તે ગુફામાં બેઠો બેઠો મોટી સ્ક્રીન પર લાઈવ જોઈ શકતો હતો.

જંગલમાં એક 'રૉકેટ' નામનું સસલું પણ રહેતું હતું. રૉકેટ દેખાવમાં ભલે નાનું હતું, પણ તેનું મગજ કમ્પ્યુટર કરતાં પણ તેજ ચાલતું હતું. રૉકેટ જાણતું હતું કે કિંગ ટેક્નોલોજી પર બહુ નિર્ભર છે.


રે વાર્તા!
મનીષ સુથાર

એક દિવસ કિંગને તેના ટેબ્લેટ પર દેખાયું કે રૉકેટ એક તાજા ગાજરના ખેતર પાસે શાંતિથી ગાજર ખાઈ રહ્યું છે.

'આ શિકાર સરળતાથી ઝડપી શકાય તેમ છે,' કિંગે વિચાર્યું.

કિંગે ઝડપથી ટેબ્લેટ પર GPS જોયું અને રૉકેટનું ચોક્કસ સ્થાન જાણ્યું. પછી તે ગુપ્ત રીતે રૉકેટ તરફ આગળ વધ્યો. કિંગને એટલો આત્મવિશ્વાસ હતો કે તે સીધો શિકાર પાસે જ પહોંચી જશે.

પણ રૉકેટ તો તેના કરતાં એક ડગલું આગળ હતું. રૉકેટે કિંગના કૅમેરા નેટવર્ક વિશે પહેલાંથી જ જાણી લીધું હતું. તેણે એક યુક્તિ કરી.

જ્યાં ગાજરનું ખેતર હતું, ત્યાં રૉકેટે પોતાના જેવા જ દેખાતા બે નકલી સસલાં ગોઠવી દીધાં. સાથે જ તેણે એક નાનું બ્લૂટૂથ સ્પીકર સંતાડી દીધું અને તેમાંથી તેના ચરવાનો અવાજ વગાડ્યો.

રૉકેટ તો ખરેખર ત્યાંથી ઘણું દૂર હતું. તે ઝાડની પાછળ છુપાઈને, પોતાના મોબાઈલ ફોનમાંથી કિંગ શું કરે છે તે જોઈ રહ્યું હતું. કિંગ GPS મુજબ બરાબર જગ્યાએ પહોંચ્યો અને નકલી સસલાં પર છલાંગ મારી.

ધડામ!

કિંગ નીચે પડ્યો અને તેના હાથમાં રહેલું ટેબ્લેટ છૂટી ગયું. ત્યારે જ રૉકેટ ઝાડ પાછળથી બહાર આવ્યું અને હસતા-હસતા બોલ્યું:

'કેમ છો, કિંગ? ટેક્નોલોજી સારી છે, પણ બુદ્ધિ એનાથી પણ વધુ સારી છે! તમારા GPS નેટવર્કને થોડું અપડેટ કરવાની જરૂર છે!' રૉકેટ ગાજર લઈને કૂદતું-કૂદતું જતું રહ્યું અને કિંગ પોતાની વધારે પડતી ટેક્નોલોજી પર નિર્ભરતા પર પસ્તાવો કરવા લાગ્યો. તેને સમજાયું કે જંગલમાં સફળ થવા માટે માત્ર ગેજેટ્સ નહીં, પણ સજાગતા અને ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા પણ જરૂરી છે.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ગુજરાતમાં સંભવત ૧૬મીએ મંત્રીમંડળનું વિસ્તરણ થાય તેવી સંભાવના, કાલ સુધીમાં મંત્રીમંડળની ફાઈનલ યાદી તૈયાર કરી દેવાશે

ગાંધીનગર,તા.૧૪

સોમવારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકર દિલ્હી ગયા હતા. ત્રણેય નેતાઓએ વડાપ્રધાન મોદી સાથે મેરેથોન બેઠક કર્યા બાદ ગૃહમંત્રી અમિત શાહે આ ત્રણેય નેતાને પોતાના ઘરે જમવા માટે બોલાવ્યા હતા. આજે સવારે ત્રણેય નેતા પરત આવી ગયા બાદ એક વાત નિશ્ચિત મનાઈ રહી છે કે હવે ૧૬મીના રોજ, એટલે કે અગિયારસના પવિત્ર દિવસે જ મંત્રીમંડળનું વિસ્તરણ




થઈ જશે. આમ છતાં હાલના વિધાનસભાના સ્પીકર અને પૂર્વ મંત્રી શંકર ચૌધરી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ તથા પૂર્વ કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીના મુદ્દે હજુ કેટલીક બાબત અવઢવ હોવાની ચર્ચા છે. આજ રાત સુધીમાં મંત્રીમંડળની ફાઈનલ યાદીને તૈયાર કરી દેવાશે. મંત્રીમંડળના વિસ્તરણમાં રાઘવજી પટેલનું પત્તું કપાવાની ચર્ચા છે. આજે રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમમાં હાજરી આપવા ગોધરા આવેલા કૃષિમંત્રીને જ્યારે વિસ્તરણને લઈ સવાલ કરાયો તો તેમણે કોમેન્ટ કરવાનું ટાળ્યું હતું.

# બિહારમાં રાજકીય જાહેરાતો અને ઉમેદવારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અંગેની જાણ કરવાની રહેશે : ચૂંટણી પંચ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪

ચૂંટણી પંચે બિહાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અને જમ્મુ અને કાશ્મીર સહિત છ રાજ્યોમાં આઠ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીઓની તારીખો જાહેર કરી છે. દરમિયાન, પંચે રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નવી માર્ગદર્શિકા પણ જારી કરી છે. ચૂંટણી પંચે ૯ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ આદેશ આપ્યો હતો કે તમામ રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય




પક્ષો, તેમજ ચૂંટણી લડી રહેલા ઉમેદવારોએ કોઈપણ ઈલેક્ટ્રોનિક મીડિયા અથવા સોશિયલ મીડિયા પર પ્રચાર કરતા પહેલા મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટી પાસેથી તેમની રાજકીય જાહેરાતોનું પૂર્વ-પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે.

ચૂંટણી પંચના નિર્દેશ મુજબ, ઈન્ટરનેટ અથવા સોશિયલ મીડિયા પર કોઈપણ રાજકીય જાહેરાત પ્રકાશિત કરતા પહેલા એમસીએમસીની મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે. માર્ગદર્શિકા અનુસાર જાહેરાતોની ચકાસણી કરવા અને પૂર્વ-ચકાસણી કરવા માટે દરેક રાજ્ય અને જિલ્લામાં સ્ઝ્રસ્ઝ્ર ની સ્થાપના કરવામાં આવી છે. મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટી 'પેઈડ ન્યૂઝ' જેવા શંકાસ્પદ કેસોનું પણ નજીકથી નિરીક્ષણ કરશે અને જરૂરી પગલાં લેશે.

# અમરેલીના જૂના માર્કેટિંગ યાર્ડમાં ગેસની લાઈન તૂટતા આગની જ્વાળાથી અફરા તફરી સર્જાઈ

**કેટલું નુકસાન ગયું છે તે તપાસ બાદ જ ખબર પડશે**

અમરેલી, તા.૧૪

અમરેલી શહેરની મધ્યમાં આવેલા જુના માર્કેટિંગ યાર્ડમાં ગટરના ખોદકામ સમયે ગેસની પાઈપલાઈન તૂટી જતા વિકરાળ આગ ફાટી નીકળી હતી જેને કારણે વેપારીઓમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગવાની માહિતી મળતા જ અમરેલી ફાયર ફાઈટરનો



સ્ટાફ મામલતદાર તેમજ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટર દ્વારા ૧૦,૦૦૦ લિટર જેટલો પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આ ઘટનાની જાણ થતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. કોઈ ગંભીર ઘટના ન બને તે માટે વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો હાલ તો આગને કારણે કેટલું નુકસાન ગયું છે તે તપાસ બાદ જ ખબર પડશે.

# નવા મંત્રીમંડળમાં અમરેલી જિલ્લામાંથી બે મંત્રી બને તેવી સંભાવના પ્રબળ

**હીરાભાઈ સોલંકી, કૌશિક વેકરીયા અને મહેશ કસવાળામાંથી મંત્રી બનશે તેવી ચર્ચાઓ**

અમરેલી,તા.૧૪

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ બન્યા બાદ, જગદીશ વિશ્વકર્મા ગઈકાલે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સંગઠન મંત્રી રત્નાકર સાથે દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમિતશાહ સાથે મુલાકાત કરી હતી. પ્રદેશ ભાજપ







પ્રમુખની વરણી થયા બાદ હવે મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓ તેજ બની છે. જેમાં સૌરાષ્ટ્રના ધારાસભ્યોમાથી વધુ મંત્રી બનાવવામાં આવશે તેવુ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. ત્યારે, અમરેલી જિલ્લો કે જેણે ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી આપ્યા છે, તે જિલ્લામાંથી બે મંત્રી બને તેવી સંભાવના પ્રબળ બની છે. જાણવા મળતી માહિતી મુજબ હાલ કૌશિક વેકરીયા નાયબ મુખ્ય દંડક છે, તેને મંત્રી બનાવવામાં આવશે અથવા સંગઠનનો બહોળો અનુભવ ધરાવનાર સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા પણ મંત્રી પદની રેસમાં આગળ છે. ત્યારે ગુજરાત સરકારમાં મંત્રી રહેલા પરશોતમ સોલંકીને પડતા મુકવામાં આવશે તેવુ લાગી રહ્યુ છે. જો પરશોતમ સોલંકીને પડતા મુકવામાં આવશે તો રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને રાજય સરકારમાં મંત્રી બનાવવામાં આવશે. આમ, હાલ તો તમામ સમીકરણો જોતા અમરેલી જિલ્લામાંથી આ વખતે પ્રથમવાર બે મંત્રી બને તેવી સંભાવના પ્રબળ બની છે.

# અમદાવાદમાં આવેલા દેરાસરમાંથી રૂા.૧.૬૪ કરોડના ઘરેણાની ચોરી

અમદાવાદ,તા.૧૪



અમદાવાદમાં પાલડીના દેરાસરમાં 'ઘર કા ભેદી લંકા ઢાયે' કહેવત સાબિત થઈ છે. દેરાસરમાં ભગવાનને ચઢાવેલા ૧૧૭.૩૩૬ કિલોના ચાંદીના મુગટ, કુંડળ સહિતના ઘરેણાંની ચોરી થઈ છે. આ દાગીનાની કિંમત ૧.૬૪ કરોડ રૂપિયા થાય છે. ચોરી કરનાર કોઈ અજાણ્યો ચોર નહીં, પરંતુ દેરાસરના પૂજારી અને સફાઈકર્મચારીઓ છે. પૂજારીએ સફાઈ કામદારો સાથે મળીને ચોરી કરી છે. આ અંગે પાલડી પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# અમરેલી જિલ્લા કોંગ્રેસમાં સંગઠન સૃજન અભિયાન : તાલુકા અને નગરપાલિકા પ્રમુખની નિમણૂક માટે નિરીક્ષકોની નિયુક્તિ

અમરેલી, તા.૧૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠનને વધુ મજબૂત કરવાના 'સંગઠન સૃજન અભિયાન' અંતર્ગત અમરેલી જિલ્લાના તાલુકા અને નગરપાલિકાના પ્રમુખોની નિમણૂક માટે નિરીક્ષકોની નિયુક્તિ કરવામાં આવી છે. નિયુક્ત કરાયેલા નિરીક્ષકોએ આગામી ત્રણ દિવસ, એટલે કે ૧૫મી ઓક્ટોબર (બુધવાર) થી ૧૭મી ઓક્ટોબર (શુક્રવાર) દરમિયાન જિલ્લા કોંગ્રેસ સમિતિ ખાતે ઉપસ્થિત રહીને બેઠકો યોજશે અને તાલુકા/નગરપાલિકાના આગેવાનો તથા કાર્યકરો સાથે વિચારવિમર્શ કરશે. ૧૫મી ઓક્ટોબરે ભીખુભાઈ વારોતરીયા, દિનેશભાઈ મકવાણા અને લલિતભાઈ વસોયાની નિરીક્ષક તરીકેની હાજરીમાં લિલીયા, સાવરકુંડલા અને રાજુલા-જાફરાબાદ ખાતે બેઠકો યોજાશે. ત્યારબાદ, ૧૬મી ઓક્ટોબરે ઋત્વિકભાઈ મકવાણા, રાજેશભાઈ જોશી અને સંજયસિંહ સરવૈયા દ્વારા ધારી-ખાંભા-ચલાલા, બગસરા-કુકાવાવ અને અમરેલી તાલુકા-શહેર માટે બેઠક થશે. અંતે, ૧૭મી ઓક્ટોબરે મોહનભાઈ વાળા, હરદેવસિંહ જાડેજા અને રાજેશભાઈ જોશીની હાજરીમાં લાઠી તાલુકો અને શહેર તથા બાબરા તાલુકો, શહેર અને દામનગર માટે વિચારવિમર્શ કરવામાં આવશે.

**નિરીક્ષકો નગર/તાલુકાના આગેવાનો સાથે બેઠકો યોજીને વિચારવિમર્શ કરશે**

# અમરેલીમાં આજે વિકાસકામોનું ઈ-લોકાર્પણ અને ખાતમૂહર્ત કરાશે

**કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કૌશિકભાઈ વેકરીયા રહેશે**

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં ૭થી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે. જેમાં જિલ્લામાં વિવિધ યોજનાઓ નીચે વિકાસ પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ખાતમૂહર્તનો કાર્યક્રમ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતારીયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, પાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે કલેક્ટર અને ડીડીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ આજે બુધવારના રોજ સવારે ૧૦ કલાકે શાંતાબા જનરલ હોસ્પિટલ ઓડીટોરીયમ હોલ ખાતે યોજાશે. તેમજ બપોરે ૧૨:૩૦ કલાકે નવા બસપોર્ટ ખાતે નવી એસ.ટી.નું લોકાર્પણ કરવામાં આવશે.


**Bandhan Bank**

રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.
ફેક્સઃ ૯૧–૭૯–૨૬૫૬૦૬૪૯ | ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૫૩૦૦
વેબસાઈટઃ www.bandhanbank.com

**વેચાણ સૂચના માટે હરાજી અને ટેન્ડર**

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ સૂચના, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે. આ દ્વારા સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ સુરક્ષિત લેણદારને ગીરવે મૂકવામાં/ચાર્જ કરવામાં આવી છે, જેનો ભૌતિક કબજો બંધન બેંક લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે ''જેમ છે ત્યાં છે'', ''જેમ છે તેમ છે જે છે તેના આધારે'' અને ''જે કંઈ છે તેના આધારે'' વેચવામાં આવશે.
મિલકત/ઓ, જે વેચવાની છે તેની ચોક્કસ વિગતો નીચે આપેલા શેડ્યૂલમાં દર્શાવેલ છેઃ

| ક્રમ નં. | ઋણ લેનારાઓનું નામ, લોન ખાતા નંબર, કબજાની તારીખ/ શાખાનું નામ | વેચવામાં આવનાર મિલકતનું વર્ણન (સુરક્ષિત સંપત્તિ) | સુરક્ષિત દેવું જેમાં ઉધાર લેનારાઓ દ્વારા આજ સુધી ચૂકવવામાં આવેલી રકમ, જો કોઈ હોય તો, વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ વગેરેનો સમાવેશ થાય છે. | રિઝર્વ કિંમત અને ઈ.એમ.ડી. ૧૦% છે. |
|---|---|---|---|---|
| ૧. | શ્રી જીતેન્દ્રભાઈ દિલીપભાઈ દેવમુરારી<br>શ્રી દિલીપભાઈ બળવંતભાઈ દેવમુરારી<br>૨૦૦૦૨૦૬૦૦૦૪૯૫૫<br>૨૧.૧૨.૨૦૨૪<br>અમરેલી | તમામ ચલ અને અચલ સંપત્તિ રેવન્યુ સર્વે નં.૨૭૫/૨ ભાગ ૨ પ્લોટ નં.૭૧ ભાગ બી૭૧/ મધ્ય ભાગ જમીન વિસ્તાર ૪૮ ચો.મીટર રણુજાધામ સોસાયટી, હનુમાનપરા રોડ, જિ.– અમરેલી–૩૬૫૬૦૧ | તા.૦૯.૦૯.૨૦૨૫ ના રોજ રૂ.૧૧,૦૫,૪૩૨.૮ | રૂ..૭,૭૫,૪૮૫.૦૦<br>ઈએમડી રૂ.૭૭,૫૪૮.૫૦ |
| ૨. | શ્રી મનસુખભાઈ બચુભાઈ વાઢેર<br>શ્રીમતી કૈલાશબેન મનસુખભાઈ વાઢેર<br>૨૦૦૦૨૦૬૦૦૦૪૩૪૭<br>૨૬.૦૬.૨૦૧૯<br>અમરેલી | તમામ ચલ અને અચલ સંપત્તિ સર્વે નં.૫૨૫ પૈકી, પ્લોટ નં.૪૧ પૈકી, અર્જુન નગર–૧, પટેલ સંકુલની પાછળ, ચક્કરગઢ રોડ, મુઃ અમરેલી, તા. અને જિ. અમરેલી, ગુજરાત. | તા.૧૫.૦૧.૨૦૨૫ ના રોજ રૂ.૨૧,૦૩,૯૨૫ | રૂા.૭,૨૯,૦૦૦.૦૦<br>ઈએમડી રૂા.૭૨,૯૦૦.૦૦ |

| | |
|---|---|
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | ઓક્ટોબર ૨૮, ૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં બપોરે ૩:૦૦ વાગ્યે બી–વિંગ બીજો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવિયા ચોક રાજકોટ–૩૬૦૦૦૧ |
| મિલકત નિરીક્ષણ તારીખ અને સમય સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર | ઓક્ટોબર ૨૪, ૨૦૨૫, સવારે ૧૧:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી, રાજા ડાંગર– ૯૩૭૪૧૨૫૭૫૨ |
| ઈ–હરાજીની તારીખ અને સમય | ઓક્ટોબર ૩૦, ૨૦૨૫, સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી |

**અન્ય નિયમો અને શરતોઃ**

૧. ઉપરોક્ત મિલકતો બેંકને ખબર હોય ત્યાં સુધી કોઈપણ બોજ વિના વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી/બેંક કોઈપણ તૃતીય પક્ષના દાવા/હકો/લેણાં/મુકદ્દમા માટે જવાબદાર રહેશે નહીં. ઇચ્છુક બોલી લગાવનાર વ્યક્તિએ કોઈપણ બોજ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને બંધન બેંકની વેબસાઈટ પર આપેલી લિંક https://bandhanbank.com/properties-for-sale નો સંદર્ભ લો.
૨. ઉપરોક્ત મિલકતો બેંકની દેખરેખ હેઠળ મેસર્સ ઈ–પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ (ઓક્શન ટાઈગર) દ્વારા ટેન્ડર કમ ઈ–ઓક્શન દ્વારા વેચવામાં આવશે. હરાજી/બિડિંગ ફક્ત ''ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બિડિંગ'' દ્વારા જ થશે, જે વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/ દ્વારા પ્રોપર્ટી આઈડી ૩૪૪૧૧૩, ૩૪૬૪૦૦ સાથે હશે. સંપર્ક વ્યક્તિ શ્રી મૌલિક શ્રીમાળી. સંપર્ક નંબર ૯૧૭૩૫૨૮૭૨૭. બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈ–હરાજી વેચાણ કાર્યવાહીમાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટ તપાસે.
૩. બંધન બેંક લિમિટેડના પક્ષમાં ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા જમા કરાવવાની રકમ (EMD) રિઝર્વ કિંમતના ૧૦% જેટલી હશે. હરાજીની તારીખ પહેલાં બધી શાખાઓમાં ચૂકવવાપાત્ર રહેશે.
૪. ઇચ્છુક બોલી લગાવનાર વ્યક્તિએ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત સંબંધિત સ્થળે અધિકૃત અધિકારીને ઈ.એમ.ડી. રકમ અને સ્વ–પ્રમાણિત કે.વાય.સી. દસ્તાવેજો સાથે બિડ ફોર્મ સબમિટ કરવાનું રહેશે. સીલબંધ પરબિડીયું કવર પર ''બિડ ફોર્મ અને પ્રોપર્ટી આઈ.ડી. સાથે ઈ–ઓક્શન માટે ઈ.એમ.ડી.'' લખેલું હોવું જોઈએ.
૫. ઉપર જણાવ્યા મુજબ હરાજી અનામત કિંમતે શરૂથશે. બિડરો તેમની ઓફર રૂ. ૧૦,૦૦૦/– ના ગુણાંકમાં સુધારશે અને દરેક બિડ માટે પંદર મિનિટ માટે વિસ્તૃત/માન્ય રહેશે.
૬. ઓનલાઈન હરાજી બંધ થવા પર સૌથી વધુ બોલી (રિઝર્વ કિંમતથી ઉપર) સબમિટ કરનાર બોલી લગાવનારને સફળ બોલી લગાવનાર જાહેર કરવામાં આવશે. સફળ બોલી લગાવનારની તરફેણમાં વેચાણની પુષ્ટિકરવામાં આવશે, જેમાં હરાજીના દિવસે ઈ.એમ.ડી. રકમ સહિત વેચાણ કિંમતના ૨૫% અને ૧૫ દિવસની અંદર બાકીની રકમ ચૂકવવામાં આવશે.
૭. વેચાણ બંધન બેંક લિમિટેડ દ્વારા પુષ્ટિને આધીન રહેશે.
૮. વેચાણ આ સૂચના અને ટેન્ડર દસ્તાવેજના નિયમો અને શરતોને આધીન રહેશે. અધિકૃત અધિકારીને કોઈપણ બિડ સ્વીકારવાનો અથવા નકારવાનો અથવા વેચાણના નિયમો અને શરતોમાં ફેરફાર કરવાનો અથવા વેચાણ/ઈ–હરાજી મુલતવી રાખવા/લંબાવવા/મુલતવી રાખવાનો સંપૂર્ણ અધિકાર છે, કોઈપણ કારણ આપ્યા વિના.
૯. કોઈપણ વિવાદના કિસ્સામાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.

**તારીખઃ ઓક્ટોબર ૧૫, ૨૦૨૫**
**સ્થળઃ ગુજરાત**

**અધિકૃત અધિકારી**
**બંધન બેંક લિમિટેડ**


# હળદર ગામે ખેડૂતો થયેલ પર પોલીસ હુમલોની ઘટનાને લઈ અમરેલીમાં આપ દ્વારા 'કાળો દિવસ' મનાવી વિરોધ પ્રદર્શન કરાયું

અમરેલી, તા.૧૪

બોટાદના હળદર ગામે ખેડૂતો પર પોલીસ દ્વારા કરવામાં આવેલ લાઠીચાર્જની ઘટનાના વિરોધમાં આમ આદમી પાર્ટી (AAP)એ અમરેલી જિલ્લામાં 'કાળો દિવસ' મનાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયાની આગેવાનીમાં જિલ્લા ટીમ, કિસાન



સેલના નેતાઓ અને કાર્યકર્તાઓએ વિરોધ વ્યક્ત કર્યો હતો, પરંતુ પોલીસે તેમની અટકાયત કરી હતી. આ કાર્યવાહીને 'આપ' દ્વારા તંત્રની દમનકારી નીતિ ગણાવવામાં આવી છે. નિકુંજભાઈ સાવલિયાએ જણાવ્યું કે 'આપ' ક્યારેય તાનાશાહી સામે ઝુકશે નહીં અને ખેડૂતોના હક માટેની લડત વધુ જોરશોરથી લડાશે. 'આપ' ગુજરાત સરકારે ચેતવણી આપી છે કે ખેડૂતો પર થતો અન્યાય અને પોલીસ દમન તાત્કાલિક બંધ કરવામાં આવે, નહીં તો સમગ્ર રાજ્યમાં આંદોલન વધુ ઉગ્ર બનશે.


**CHANGE OF NAME**

I here by Declare Tarvadi Memunaben Husainbhai that I have changed my name from Tarwadi Memunaben Husain to Tarvadi Memunaben Husainbhai (new) and henceforth I shall be known as Tarvadi Memunaben Husainbhai(NEW)
Sing : Tarvadi Memunaben Husainbhai
Address: Address -663, shankar na mandir pase, kishori bag, nadipara, Bagasara Amreli, Gujarat-365440

**CHANGE OF NAME**

I Undersigh I JASANI ANKURBHAI BATUKBHA I have chaged my name from JASANI ANKUR BATUKALAL To JASANI ANKURBHAI BATUKBHAI (New) Now I will be known as JASANI ANKURBHAI BATUKBHAI (New)
Sing : JASANI ANKURBHAI BATUKBHAI
Address: MATRU CHHAYA, HAVELI STREET, NR. DARBARGADH, AT-BABRA, TAL - BABRA, DIST-AMRELI - 365421


**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૫૩/૨૦૨૫

અરજદાર :- શ્રી મેરૂનનીસા મુસાભાઈ મીઠાણી
રહે. કે./ઓ-જે.જે.સૈયદ, સબ જેઈલ રોડ,
કસ્બાવાડ, અમરેલી, તા/જી-અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા/જી-અમરેલી.

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં મેરૂનનીસા મુસાભાઈ મીઠાણી તેમના નાનાભાઈશ્રી આઝાદઅલી મુસાભાઈ મીઠાણીની જન્મ (તા.૨૬/૦૮/૧૯૪૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી અકે માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સીક્કો

**સહી,**
**(એચ.એમ.તલાટી)**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

# વિકાસ સપ્તાહ

૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં

## વિકાસ સપ્તાહે લખ્યો વિશ્વાસનો અધ્યાય

**₹૨૮૮૫ કરોડ**થી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં

## લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના
વરદહસ્તે



ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે,
રાજ્યના વિકાસથી દેશનો વિકાસ,
**વિકસિત ભારત** માટે **વિકસિત ગુજરાત...**
- **શ્રી નરેન્દ્રભાઈ મોદી**, માનનીય વડાપ્રધાન

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૨૦૭૯ કરોડથી વધુના કુલ ૨૯૯ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



ગૃહ વિભાગના ₹ ૪૨ કરોડથી વધુના કુલ ૭ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ₹ ૨૫૨ કરોડથી વધુના કુલ ૬૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ₹ ૨૩ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

પ્રાથમિક શિક્ષણ વિભાગના ₹ ૧૩૮ કરોડથી વધુના કુલ ૮૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ₹ ૪૦ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ₹ ૮૩ કરોડથી વધુના કુલ ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

૧૦ IAS કોચિંગ સેન્ટરનો શુભારંભ




ઉદ્યોગ અને ખાણ વિભાગના ₹ ૩૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૮૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

ટેકનિકલ શિક્ષણ વિભાગના ₹ ૩૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૫૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

પ્રવાસન વિભાગના ₹ ૨૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

કાર્યક્રમ સ્થળ માટે સ્કેન કરો

૧૫ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર | સવારે ૧૦:૦૦ વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat